
# બાળકોના રંગલાલા



ભાગ-૧૨

લેખક
પ્રા. કુલીન ગ. ઉપાધ્યાય

# તૂટી દેખો યહ જંજીર

(આજ હિમાલયકી ચોટીસે....એ રાહ)

ખૂલ્લે ખૂલ્લા મહાસભાને અબકી બાર પુકારા હૈ,
દૂર હટો, દૂર હટો, દૂર હટો અય ટોપીવાલે
હિન્દુસ્તાન હમારા હૈ ...ટેક

આયે થે જો તુમ ધંધા કરને, માલિક હો કે બૈઠે હો,
ઘરકે છોડું બકરી બાટે, માલમલીદે તુમ લૂટો ...દૂર

પડે રહે થે હમ ગફલતમેં, આપસમેં ઝઘડે કરતે,
ચોર હોકે શાહુ બનકે, હમકો હી ગભરાતે હૈં! ... દૂર

ગાંધી હૈ સરદાર હમારા, શસ્ત્ર અહિંસા હૈ કાતિલ,
ખુદા મદદમેં જીત હમારી, તૂટી દેખો યહ જંજીર ...દૂર

રંગ અવધૂત

(પૂ. શ્રી નારેશ્વરમાં બિરાજતા હતા. ભારતની આઝાદીની લડતના દિવસોમાં એઓશ્રીને એક સ્વપ્ન આવ્યું. એ સ્વપ્નમાં એક બુઢ્ઢી-જંજીરો સાથે જકડાયેલી હતી. આવનાર જનારને પોતાની જંજીરો તોડવાની કાકલૂદી કરતી. તેઓશ્રીએ જોઈ. કોઈનું ધ્યાન ગયું નહિ પણ પૂ.શ્રીએ તેમને ટેકો આપી બેઠા કર્યા અને જંજીર તૂટી ગઈ. એ સ્વપ્નદર્શનનો ભાવ ભજનમાં વ્યક્ત થયો છે.)

મુદ્રક : અંબિકા પ્રિન્ટર્સ
અમદાવાદ.
(૦૭૯-૨૫૪૫૩૯૦૪)

ગ્રાફિક્સ : શ્રી રવીશ રાજેન્દ્ર ઉપાધ્યાય
**'રાહ-રંગપ્રેમની'**
આણંદ- ૩૮૮ ૦૦૧.
(૦૨૬૯૨-૨૪૯૪૫૫)

પ્રકાશક : પ્રેમજયંતી સમિતિ
અમદાવાદ.
મો. ૯૮૨૪૫૦૪૨૦૬.

આવૃત્તિ : પ્રથમ
નિજ જયેષ્ઠ સુદ અગિયારસ, ૨૦૬૩.
મંગળવાર, તા. ૨૬-૬-૨૦૦૭.

**ભગવતી મા રુકમામ્બાની પુણ્યતિથિ**

પ્રત : ૧૦૦૦

**પાંચ રૂપિયા**

# આશીર્વચન

દરેક ભાષામાં બાળસાહિત્યનું મહત્ત્વ સ્વીકારાયું છે. પહેલાના સમયમાં દાદા-દાદીના ખોળામાં માથું મૂકીને સૂતેલા બાળકને દાદા-દાદી દ્વારા વાર્તા સાંભળવાની મળતી. હું પાંચ વર્ષની ઉંમરનો હતો ત્યારે મારા માતુશ્રીના ખોળામાં સૂતા સૂતા તેમના મુખેથી ભકત ધ્રુવની વાર્તા સાંભળતો. એના ફળ સ્વરૂપે 'બાળકોના રંગદાદા'નું બાળ સાહિત્ય પ્રાપ્ત થયું છે એવું મને લાગે છે. હવે આવા ભાગ્યશાળી પરિવારોની સંખ્યા ઓછી જોવા મળે છે. નાની ઉંમરના બાળકોને પૂ. બાપજીની વાતો કહીને એમનામાં પૂ.શ્રીની ભક્તિના અમી ઘૂંટડા પાવાનું કામ પરિવારમાં સભાનપણે થવું જોઇએ. પૂ.શ્રીની ભક્તિનો વિસ્તાર વધે અને એ ભક્તિનો વારસો પરિવારમાં જળવાઈ રહે એ આશયથી 'બાળકોના રંગદાદા' પુસ્તક શ્રેણીનું આયોજન થયું છે. એ શ્રેણીમાં અગિયાર પુસ્તકો તો પ્રકાશિત થઈ પણ ગયા છે.

બાળકોને વાંચવાનું ગમે અને છતાં જાણતાં-અજાણતાં એના મનમાં સંસ્કારો દૃઢ થતા જાય એ રીતે તૈયાર થતું લખાણ પ્રશંસનીય છે, અનુકરણીય છે.

'બાળકોના રંગદાદા' ભાગ-૧૨ને હું આવકારું છું અને પ.પૂ. સદ્‌ગુરુ શ્રી રંગ અવધૂત મહારાજને પ્રાર્થના કરું છું કે આવું બાળ સાહિત્ય શ્રી કુલીનભાઈ વધુ ને વધુ પરિવારના બાળકોને પીરસતા રહે.

આપણે બાળકોને સાચવીશું તો બાળકો આપણને સાચવશે. બાળપણ એ ભગવાનની ભેટ છે. આ કીમતી ભેટનું આપણે જતન કરીએ અને આવા વધુ પુસ્તકોનું નિર્માણ કરીએ.

લિ.

કોઠિયાખાડ — ૐ

તા. ૧૪-૬-૨૦૦૭ — પ્રેમ

# આવકાર

આવતી પેઢીમાં સંસ્કાર સિંચવાનું જે સ્તુત્ય કાર્ય કરો છો તે જાણી આનંદ થાય છે.

અમને તો અમારી નાની વયમાં પૂ.બાપજીએ જાતે પંચપદીનાં ભજનો, દિગંબરાની ધૂન, સ્તોત્રો આદિ શીખવાડ્યાં હતાં. અમો સંગીત ગીતા ગાતાં ગાતાં- ખેતરમાં હળ લાકડું હાંકતા હતાં.

હવે પૂ.બાપજી સૂક્ષ્મરૂપે તમને નિમિત્ત બનાવી ઉગતી પેઢીને જ્ઞાન પીરસે છે એ જાણી પૂ.શ્રીની અગમ્ય લીલા પ્રત્યે અહોભાવ જન્મે છે.

અમે મૂળ ખેડૂત છીએ. જેમ જમીનમાં બી વાવીએ અને જતે દિવસે ફૂલે-ફાલે તે જાણીએ છીએ. તે પ્રમાણે આપે વાવેલું બાળકોના મગજમાં આ સંસ્કારોનું બી ફૂલે-ફાલે તેવી શુભેચ્છા.

'બાળકોના રંગદાદા' શ્રેણીના બારમાં ભાગને હું હૃદયથી આવકારું છું.

**અવધૂત નિવાસ ટ્રસ્ટ.**
**નારેશ્વર**
**તા. ૧૧-૬-૨૦૦૭**

**ગોરધનભાઈ પટેલ**
**પ્રમુખ**

# લેખકનું નિવેદન

જ્યારે બાળકોનું મન કોરી સ્લેટ જેવું હોય ત્યારે જ આપણે એના ઉપર સંસ્કારી વાતોનું રેખાંકન કરી દઈએ તો સારું. 'કુમળા છોડને વાળીએ તેમ વળે' એ ન્યાયે નાના બાળકોને પૂ.શ્રી વિશેની વાતો જાણવા મળે તો સારું એવા વિચારમાંથી આ પુસ્તિકાનું પ્રકાશન થઈ રહ્યું છે.

મારા પુત્ર હર્ષલની નિર્જરીને આ સંસ્કારોથી મઢવાની વૃત્તિથી વાતો કરતાં કરતાં આવી પુસ્તિકાની શ્રેણી રચવાની ઈચ્છા જાગી. એમાં 'બાળકોના મોટા' એવી પુસ્તિકા હાથમાં આવી. શ્રી મુકુલ કલાર્થીની આ પુસ્તિકાની વાત શ્રી સુભાષભાઈ દવેને કરી તો એમણે મને પ્રોત્સાહિત કર્યો કે રંગ પરિવારના મુકુલભાઈ તમે બનો. એમનો વિશ્વાસ ગુરુ મહારાજની કૃપાથી સાચો ઠર્યો છે એટલે એ વિશ્વાસ જગાવનારના ઋણ સ્વીકારરૂપે એમનું સ્મરણ કરું અને આભાર માનું એ ઉચિત જ છે.

નારેશ્વર ટ્રસ્ટના પ્રમુખ મુ.શ્રી ગોરધનભાઈ પટેલે લખી આપેલા આવકાર બદલ હું તેમનો આભારી છું. પ્રૂફ તપાસવા માટે તેમજ જોડણી શુદ્ધિ માટે મારા ધર્મપત્ની સૌ. અંજનીનો હું આભારી છું.

પૂ. પ્રેમ અવધૂતજીનો આભાર માની હું અંગતપણાનો ભાવ ક્ષીણ થવા નહિ દઉં. એ પ્રેરકબળ પણ છે અને ચાલક બળ પણ છે. પ.પૂ.શ્રી રંગ અવધૂત મહારાજના ચરણોમાં અનેકાનેક વંદન અને પૂ. પ્રેમ અવધૂતજીને સાદર વંદન હો!

અમદાવાદ<br>
તા. ૧૨-૬-૨૦૦૭.<br>
(૦૭૯- ૨૭૪૮૦૦૮૮)

લિ.<br>
**કુલીન ઉપાધ્યાય**



શ્રી રંગ અવધૂત મહારાજ
(નારેશ્વર)

# સ્નેહાંજલિ



## દત્તાત્રેય પાંડુરંગ નંદુરબારકર

જન્મતારીખ : ૯-૧૧-૧૯૧૫
આસો વદ ૧૪, ૧૯૭૧

મૃત્યુ તારીખ : ૨૫-૧૦-૨૦૦૪
આસો સુદ ૧૨, ૨૦૬૦

# બાળકોના રંગદાદા

## (૧)

## વાત નાની- શીખ મોટી

પૂ.શ્રીની દરેક પ્રવૃત્તિ સમજપૂર્વકની હોય.
એની પાછળ ચિંતન હોય.
પૂ.શ્રી નારેશ્વરમાં હતા.
સેવામાં લીંચના બચુભાઇ રાવળ હતા.
બચુભાઇ એટલે સેવામૂર્તિ અને પ્રેમમૂર્તિ.
પૂ.શ્રી એલોપેથીની દવા તો કદી લેતા નહિ.
પણ કાષ્ઠ ઔષધ- આયુર્વેદનું ઔષધ- લે.
એક વાર નાની વાડકીમાં આવું લીંડીપીપર મધ સાથે લેવાનું હતું.
બચુભાઇએ નાની વાડકીમાં મધ સાથે દવા મેળવીને પૂ.શ્રીને આપી.
પૂ.શ્રી ધીરેધીરે દવા લે.
દવા ચાટતા ચાટતા વાડકીની આજુબાજુ દવા રહી ન જાય એનું ધ્યાન રાખે.

**પોતાની જાત પર હસે તે સાચો હાસ્યકાર.**

બચુભાઇ તો જોતા જ રહ્યા.

ચારે બાજુથી આંગળી અને અંગૂઠાથી દવા લઇને વાડકી સાફ કરતા હતા.

વાડકી એકદમ ચોખ્ખી ચટ.

બચુભાઈએ આવી રીતે દવાની વાડકી સાફ કરતાં કોઈને જોયેલા નહિ.

એમના મોં પર મંદ મંદ હાસ્ય આવી ગયું.

પૂ.શ્રી સમજી ગયા.

એમને થયું કે બચુભાઈને થયું હશે કે આ તો ખરા છે.

એટલે એમણે પોતાનું દૃષ્ટિબિંદુ સમજાવ્યું.

જુઓ બચુભાઇ! આપણે ગમે તેમ દવા ખાઈએ તો થોડી દવા વાડકીમાં રહી પણ જાય.

આ મધ સાથે દવા રહી જાય તો શું થાય?

એક તો એટલી દવા આપણા પેટમાં ઓછી જાય.

દવા ઓછી જાય એટલે શરીરની સ્વસ્થતા ઓછી આવે એક વાત.

જેણે પૈસા ખર્ચ્યા હોય તેના પૈસાનો પૂરેપૂરો ઉપયોગ ના થયો એ બીજી વાત.

વળી વાડકીમાં દવા રહી જાય એટલે મધને કારણે કીડીઓ આવે અને કીડી મરી જાય તો કીડી માર્યાનું પાપ લાગે એ ત્રીજી વાત.

**હાસ્ય વગરનું જગત વિનાશને પાત્ર છે.**

બચુભાઇ તો દંગ થઇ ગયા.

એમને થયું: અરે! વાહ અવધૂત! શું ચિંતન છે. એક નાની અમસ્તી વાતમાં કેટલી મોટી શિખામણ આપી દીધી.

મોટા માણસોની કામ કરવાની પદ્ધતિમાંથી ઘણું ઘણું શિખવાનું મળે છે.

•

## (૨)

## ખોટા વહેમી ના બનો

મંછા ભૂત ને મંછા ડાકણ.

મંછા એટલે મનમાં- મનસા.

ભગવાન તો કરુણાનો સાગર છે.

દેવ તો દયાળુ છે.

આપણે બધા પરમેશ્વર પિતાના પુત્રો છીએ.

પ્રામાણિકતાથી જીવવું.

ખોટું કરવું નહિ. સાચું કરવામાં ડરવું નહિ.

મનમાં ખોટી શંકા- ખોટા વહેમો રાખી દુ:ખી થવું નહિ.

મન મજબૂત રાખવું.

ગુરુમહારાજમાં- ભગવાનમાં અડગ વિશ્વાસ રાખવો.
પૂ.શ્રીની ગુફા ઉપર ભગવાનની મૂર્તિઓ મૂકવાની હતી.
મૂર્તિ પધરાવવાનું કામ વ્યવસ્થિત થાય એ જરૂરી હતું.
કામ સારી રીતે ચાલતું હતું.
ઉપર મૂર્તિઓ ગોઠવાતી હતી.
ગુફાના ઓટલે પૂ.શ્રી બિરાજમાન હતા.
કોણ જાણે શું થયું તે શ્રીપાદવલ્લભ ભગવાનની મૂર્તિનો એક હાથ તૂટી ગયો.
હાથ તૂટ્યો અને નીચે પડ્યો.
પરંતુ એટલું સારું કે હાથ પૂ.શ્રીના ખોળામાં પડ્યો.
મૂર્તિ પધરાવનારા ગભરાયા.
એ બધા ચિંતામાં પડ્યા.
આ તો મૂર્તિ ખંડિત થઈ. ખરાબ કહેવાય.
આવી ખંડિત મૂર્તિ પધરાવાય?
બધા દુઃખી થઈ ગયા.
બધા ઉપરથી આવ્યા નીચે.
પૂ.શ્રી આગળ દુઃખ વ્યકત કર્યું.
હવે આ મૂર્તિ ખંડિત થઈ તો શું કરશું?
પોતાની ભૂલ માટે પસ્તાવો કરવા લાગ્યા.

**હાસ્ય એ જીવનનો રસ છે.**

બાપજીએ તો આખું વાતાવરણ હળવું કરી દીધું.
ભક્તોને હસતાં કરી દીધા.
એમણે કહ્યું: "મારો પણ હાથ તૂટ્યો હતો તો ભગવાનનો ના તૂટે. લો આ હાથ. ઉપર જઈને મૂર્તિને લગાવી દો અને મૂર્તિને વ્યવસ્થિત રીતે પધરાવી દો."
અરે! આપણો ભગવાન કંઈ એવો થોડો છે કે ના સમજે.
મનમાં ખોટી શંકા-કુશંકા નહિ કરવાની.
આજે પણ પૂ.શ્રીની ગુફા ઉપર શ્રીપાદપ્રભુની એ મૂર્તિ બિરાજે છે.
બાળકો! મન મક્કમ રાખજો.
મજબૂત મન હોય તેનું તન પણ મજબૂત હશે.
નબળું મન એ બધા રોગોનું મૂળ છે.
સાચું કરે તેનું મન મજબૂત બને.

●

**હાસ્ય વ્યક્તિને નીરોગી બનાવે છે.**

# (૩)

## સૂતા સૂતા સિલેક્ટ થઇ જવાના

વલસાડમાં ગોપાળજીભાઈ દેસાઈ રહે.

પોતે એડવોકેટ.

વકીલાત કરનારની બુદ્ધિ તીવ્ર હોય અને તર્કશક્તિ તીક્ષ્ણ હોય.

કોઈનાથી જલદી પ્રભાવિત ન થાય.

સામી વ્યક્તિને ચકાસે, કસોટીએ ચડાવે અને પછી માન થાય તો જ એને નમે.

એક વાર એ ગોપાલજીભાઈ દેસાઈ નારેશ્વર ગયા.

પૂ.શ્રી સાથે નાતો હતો.

સાથે એમના મિત્ર છોટુભાઈ હતા.

રાત્રે સ્નાન કર્યું.

દર્શને જતાં જતાં વિચાર્યું કે આ વખતની ચૂંટણીના સંદર્ભમાં ધારાસભા વિશે પૂછવું.

પણ મન માન્યું નહિ.

છોટુભાઈએ કહ્યું: "તમે પૂજ્યશ્રીને પૂછજોને! એ જરૂર સ્પષ્ટતા કરશે અને તમારા પ્રશ્નનું સમાધાન કરશે."

ગોપાલજીભાઈ અને છોટુભાઈ ગયા ત્યારે પૂ.શ્રી આંટા મારતા હતા.

**હાસ્ય વ્યક્તિને દીર્ઘાયુષી બનાવે છે.**

એમણે પૂછ્યું: “આવી પહોંચ્યા? તમે આવશો એટલે આંટા મારી રહ્યો છું.”

પછી તરત જ કહ્યું: “છોટુભાઇ! તમારા મિત્ર ગોપાલજીભાઇને ધારાસભામાં જવું છે પણ પૂછતાં અચકાય છે. છાશ લેવા જવું અને દોણી સંતાડવી એ કેમ બને? હશે. ગોપાલજી સિલેક્ટ તો શું પણ ભારે બહુમતીથી સૂતા સૂતા ઇલેક્ટ થઇ જવાના. અને ભારતભરમાં ડંકો વાગવાનો.”

દર્શન કરીને મિત્રો પાછા ફર્યા.

આ સુતા સુતા ચૂંટાઇ જવાની વાત સમજાઇ નહિ.

પણ પછી ચૂંટણીના વીસ દિવસ પહેલા ગોપાલજી ભારે માંદગીમાં સપડાયા. પથારીવશ થઇ ગયા.

ઉઠાય પણ નહિ અને હરી-ફરી શકાય નહિ.

છતાં બધા કાર્યકરોએ મન મૂકીને કામ કર્યું.

તનતોડ મહેનત કરી અને ગોપાલજીભાઇ ૨૧૦૦૦ કરતાં વધારે મતથી સુતા સુતા ચૂંટાયા.

એમણે ડૉ. અમુલ દેસાઇને હરાવ્યા.

આ અમુલ દેસાઇએ મોરારજીને ૧૯ મતથી હરાવેલા એટલે અમુલ દેસાઇને હરાવનાર ગોપાલજીભાઇનો ભારતભરમાં ડંકો વાગી ગયો.

●

# (૪)

## મહત્ત્વ વૃત્તિનું છે, શરીરનું નહિ

પૂ.શ્રી નારેશ્વરમાં હતા.

ભક્તો દર્શને આવતાં અને સત્સંગની વાતો થતી.

એક ભાઈએ પૂ.શ્રીને કહ્યું કે બાપજી! અહીં આવીએ ત્યારે અતિશય આનંદ થાય છે અને અહીંથી જવાનું મન જ નથી થતું. એમ જ થાય કે હંમેશ માટે આપની સાથે જ રહું. પરંતુ સંજોગો એવા છે કે અહીંથી જવું પડે છે.

પૂ.શ્રીએ કહ્યું કે બધાને અહીં રહેવાની ઈચ્છા થાય તો એ શક્ય નથી. વ્યક્તિ સદાયે મારી સાથે રહી શકે નહિ પણ એ જ્યાં પણ હોય ત્યાં મારામાં વૃત્તિ રાખીને કામ કરી શકે. મારામાં વૃત્તિ રાખે એટલે મારી સાથે જ છે એમ માનવું. તમારું શરીર ક્યાં છે એ મહત્ત્વનું નથી, તમારી વૃત્તિ ક્યાં છે એ મહત્ત્વનું છે.

આ વૃત્તિનું મહત્ત્વ એટલું બધું છે કે એનો નિરોધ કરવાની ક્રિયાને જ યોગ કહેવામાં આવે છે.

પતંજલિ ઋષિ કહે છે: 'ચિત્તની વૃત્તિનો નિરોધ એ જ યોગ છે.'

**હાસ્ય વિનાનું ગાંભીર્ય અર્થશૂન્ય છે.**

'યોગશ્ચિત્તવૃત્તિ નિરોધઃ'.
પૂ.શ્રીની શિખામણ ઉપર ચિંતન કરવું જરૂરી છે.
વૃત્તિથી આત્મા ઘેરાયેલો હોય છે.
આ વૃત્તિ મનમાં ઉભરાયા કરે છે.
પૂ.શ્રી વૃત્તિને ગોપી તરીકે ઓળખાવે છે.
એક પ્રભાતિયામાં લખે છે:

"સ્વાન્તવૃંદાવને વૃત્તિ ગોપી મળી
કાનુડો આત્મ નટરાજ ખેલે."

આપણે આપણી વૃત્તિને સારી કરીએ એવું સૂચન છે.

●

## (૫)

## સેવકને સ્વામીનો સંદેશો

વિજ્ઞાન એમ કહે છે કે માણસ સમગ્ર જીવન દરમ્યાન એના મગજનો ૧૨ થી ૧૫% જ ઉપયોગ કરે છે.
બાકીનું મગજ વપરાયા વગરનું જ રહે છે.
યોગીપુરુષો યોગ દ્વારા આ વણવપરાયેલી શક્તિનો ઉપયોગ કરે છે.
યોગ દ્વારા મળેલી સિદ્ધિ આશ્ચર્ય પમાડે છે.

**હાસ્ય એ મફતમાં મળતું ટોનિક છે.**

યોગીપુરુષ ખૂબ દૂરનું સાંભળી શકે છે.
ખૂબ દૂર રહેલી વસ્તુને જોઇ શકે છે અને અડકી શકે છે.
દૂર રહેલી વ્યક્તિને સંદેશો મોકલી શકે છે.
યોગીપુરુષ સંદેશો તો મોકલે પણ એને ઝીલવા માટે ઝીલનાર પણ સક્ષમ હોવો જોઈએ.
પૂ.શ્રીએ આવો સંદેશો મોકલ્યો અને સેવકે સંદેશો ઝીલ્યો.
એ સેવકનું નામ બચુભાઇ.
મૂળ નામ પ્રેમશંકર પણ લાડમાં બધાં બચુભાઈ કહે.
લીંચ (ઉ.ગુ.)માં રહેવાનું.
સરળ, પ્રેમાળ અને સેવાભાવી.
પહેલેથી જ સાત્ત્વિક વૃત્તિના.
નાની ઉંમરથી સાધનાના પંથે ડગ મૂકેલા.
સાધનાના ફળ સ્વરૂપે ગુરુસ્વરૂપે પૂ.શ્રી મળ્યા.
એમના એક મામા.
એમનું નામ ભોગીભાઈ.
એમને ત્યાં પૂ.શ્રીની છબી જોઇ.
એ છબીમાં પૂ.શ્રીની પાણીદાર આંખો જોઇ.
આકર્ષાયા અને ૧૯ વર્ષની ઉંમરે પૂ.શ્રીની આંખ જોવા નારેશ્વર ગયા.

**હસે તેનું ઘર વસે.**

બસ! પ્રથમ વારના આંખના દર્શને જ સર્વ સમર્પણ થઇ ગયું. અને પછી તો સેવાભાવ એવો ઊંચો જીવી બતાવ્યો કે પૂ.શ્રીના હૈયામાં વસી ગયા.

સને ૧૯૬૫ની સાલ. સંવત ૨૦૨૨.

પૂ.શ્રીની જયંતી અંબાજીમાં ઉજવવાનું આયોજન હતું. જગજીવન માસ્તરે પત્ર દ્વારા બચુભાઈને જણાવ્યું હતું કે સોમવારના રોજ પૂ.શ્રી અંબાજી જશે. અમદાવાદ આવીને દિલ્હી એક્સપ્રેસમાં અંબાજી જવા રવાના થશે. તમે મહેસાણા આવશો.

બચુભાઈએ આ માહિતી લીંચના મિત્રોને અને ભક્તોને આપી.

બધાએ સોમવારે દર્શન માટે મહેસાણા જવાનું હતું.

રવિવારે બપોરે જમીને બચુભાઇ વામકુક્ષી કરવા સૂતા.

થોડી વારમાં કાને અવાજ આવ્યો:

"હું આજે નીકળું છું." અવાજ બાપજીનો હતો.

પહેલા તો એમણે ધ્યાન ન આપ્યું.

આ ભ્રમણા છે એમ માન્યું.

પત્રમાં સોમવાર લખ્યો છે ને!

પરંતુ આ સંદેશો સતત પંદર મિનિટ સુધી કાન પર આવ્યા કર્યો "હું આજે નીકળું છું".

**બે વ્યક્તિઓ વચ્ચેનું ટૂંકામાં ટૂંકુ અંતર એટલે હાસ્ય.**

એ સંદેશો સમજી ગયા.

મિત્રોને પોતાના અનુભવની વાત કરી અને આજે જવાનું સૂચવ્યું.

મિત્રોએ તો કહ્યું કે અમે તો પત્રમાં જણાવ્યા મુજબ કાલે જશું. તમે આજે જાવ તો ભલે. અમારા છોકરાંઓને લઇ જજો.

બચુભાઇ તો ઉપડ્યા.

કુવાનું ચોખ્ખું પાણી, હાથ ધોવા માટે ચોખ્ખી કરેલી માટી, ગાયનું દૂધ-મધ-લીંબુ વગેરે લીધું.

મહેસાણા રેલવે સ્ટેશને ઊભા રહ્યા.

દિલ્હી એક્સપ્રેસ આવ્યો.

બચુભાઇ જ્યાં ઊભા હતા ત્યાં જ પૂ.શ્રીનો ડબ્બો આવ્યો.

સ્વામી અને સેવક બંનેના હૈયા પુલકિત થયાં.

પૂ.શ્રીએ મોકલેલો સંદેશો બચુભાઇએ સાંભળ્યો અને એ પ્રમાણે વર્ત્યા.

યોગીપુરુષની શક્તિનો આપણને શો ખ્યાલ આવે.

હે બાળકો! આપણે પણ સદ્‌ગુણોને વિકસાવીએ તો આવા સંદેશા ઝીલી શકીએ હોં!

●

**હાસ્ય એ બધે પહેરી શકાય એવો અદ્‌ભુત પોષાક છે.**

# (૬)

# યુક્તિપૂર્વક શંકાનું સમાધાન

એક વાર પૂ.બાપજી માલસર ગયેલા.
માલસર પણ નર્મદાને કિનારે આવેલું તીર્થધામ.
ત્યાં કેશવદાસજી મહાત્મા રહેતા હતા.
આ મહાત્મા ત્યાં એક પાઠશાળા ચલાવતા હતા.
પાઠશાળામાં વિદ્યાર્થીઓને સંસ્કૃત શીખવવામાં આવે.
આ સંસ્કૃત શીખવવા માટે અંબાલાલ નામે શાસ્ત્રી હતા.
હવે બન્યું એવું કે એક દિવસ મહાત્મા અંબાલાલ શાસ્ત્રી સાથે વાત કરતા હતા.
એમણે વાતમાં ને વાતમાં કહ્યું કે આપણે હંમેશા હરિ: ૐ બોલીએ છીએ. બરાબર?
શાસ્ત્રીએ કહ્યું: બરાબર છે.
આમ હરિ: ૐ બોલીએ એમાં ૐની પહેલા હરિ આવે એટલે મને એમ લાગે છે કે ૐ કરતાં હરિનું મહત્ત્વ વધારે છે.
જો ૐનું મહત્ત્વ વધારે હોત તો ૐ પહેલા બોલાતો હોત અને હરિ પછી બોલાતો હોત.
અંબાલાલ શાસ્ત્રી તો મૂંઝાયા.

**જે ચહેરો હસી ન શકે તે ક્યારેય ખીલી ન શકે.**

ૐ, તત્ અને સત્ એ ત્રણ તો પરબ્રહ્મ વાચક શબ્દ છે એમ ગીતા કહે છે. ૐ સ્વયં પરબ્રહ્મ છે.
એનાથી બીજું મોટું કંઇ હોઇ શકે નહિ.
આમ શાસ્ત્રી સમજે પણ મહાત્માના મતનું ખંડન કરી શકે નહિ.
અંબાલાલ શાસ્ત્રી તો ગયા પૂ.શ્રી પાસે.
પૂ.શ્રી પાસે બેઠા.
પોતાની મૂંઝવણ રજૂ કરી. માર્ગદર્શન માગ્યું.
પોતાના પ્રશ્નનું સમાધાન કરવા વિનંતી કરી.
પૂ.શ્રીએ જવાબ ના આપ્યો.
એમણે કહ્યું: શાસ્ત્રીજી, હમણાં હું ત્યાં આવું છું.
હું આવું ત્યારે મારી હાજરીમાં તમે આ વાત કાઢજો.
આમ કહીને બાપજી મૌન રહ્યા.
થોડીવારે પૂ.શ્રી મહાત્મા પાસે ગયા.
પૂ.શ્રી જઇને બેઠા એટલે થોડીવારમાં અંબાલાલ શાસ્ત્રી આવ્યા.
શાસ્ત્રીએ વાત કાઢી અને પૂછ્યું કે હરિ અને ૐમાં વધારે મહત્ત્વ કોનું? હરિનું કે ૐનું?
પૂ.શ્રીએ કહ્યું: જુઓ લખવામાં ને બોલવામાં પુત્રનું નામ પહેલા અને બાપનું નામ પછી બોલાય છે.

**જ્યારે તમે જાત ઉપર પેટ ભરીને હસશો ત્યારે પીઢ બનશો.**

એમાં પુત્ર કરતાં પિતાનું મહત્ત્વ વધારે હોય છે એ સ્પષ્ટ છે.

અહીં પણ એમ જ સમજવું.

પૂ.શ્રીની રજૂઆત સચોટ હતી.

મહાત્મા તો સાંભળી જ રહ્યા.

સાંભળીને મૌન જ રહ્યા.

પ્રશ્નનો જવાબ કેવો સચોટ!

શંકાનું સમાધાન કેવું યુક્તિપૂર્વક કર્યું?

પૂ.શ્રી કેવા ચિંતનશીલ મહાપુરુષ હતા તે જોયું ને બાળકો!

●

# (૭)

## માનવતાની મહેંક

ધર્મ અને માનવતા એ પર્યાયવાચક શબ્દો કહી શકાય. દરેક વ્યક્તિમાં, અરે! પ્રાણીમાત્રમાં એક જ પરમાત્મા વિલસી રહ્યો છે.
એટલે કોઇ પણ વ્યક્તિ સાથેનો વ્યવહાર માનવતાપૂર્ણ હોવો જોઇએ એવી અવધૂતજીની વિચારધારા.
પૂ.શ્રી પૈસાનો સ્પર્શ કરતા નહિ.
કોઇ પાસે પૈસા મૂકે તો એ જગા પાણીથી સાફ કરાવી નાંખતા.
જો પોતાને પૈસાનો સ્પર્શ થઇ જાય તો તે દિવસે ઉપવાસ કરતા.
અર્થ (પૈસો)જ બધા અનર્થનું મૂળ હોવાથી આ નિયમ રાખેલો.
એક વાર પૂ.શ્રી નારેશ્વરમાં લીમડા નીચે બેઠા હતા.
દર્શનાર્થીઓ તો હોય જ.
બધા દર્શન કરીને જતા હતા.
અનુકૂળ હોય તે સામે બેઠા હતા.
એવામાં એક ગરીબ મજૂર દર્શને આવ્યો.

**જે વ્યક્તિ મુક્ત રીતે હસી શકે તે ગરીબ નથી.**

એને પૂ.શ્રીના નિયમની ખબર નહિ.
એની સમજ એવી કે સંતના દર્શને જઈએ તો કાંઈ ભેટ મૂકવી જોઈએ.
એણે તો ગજવામાંથી ચાર આના(પાવલી) કાઢી અને પૂ.શ્રીના ચરણમાં મૂકી દીધી.
આ બધું એટલી ઝડપથી બની ગયું કે સેવકો પણ કંઇ કરી શક્યા નહિ.
પેલા કઠિયારાએ ચાર આના મૂક્યા અને પૂ.શ્રીને સ્પર્શ થયો એ રીતે મૂક્યા.
સેવકોને થોડો ગુસ્સો આવ્યો.
હવે આજે પૂ.શ્રીને ઉપવાસ થશે એનું દુઃખ થયું.
એમણે પેલા મજૂરને ધમકાવ્યો.
હવે આજે બાપજી ઉપવાસ કરશે.
તારી ભૂલને લીધે આજે તેઓ ભિક્ષા નહિ કરે.
પેલો તો બિચારો અજાણ હતો.
એણે ખૂબ પસ્તાવો કર્યો. પોતાની ભૂલની માફી માગી.
જો મારી ભૂલને કારણે મહારાજે ઉપવાસ કરવો પડતો હોય તો હું પણ આજે ઉપવાસ કરીશ એવું નક્કી કર્યું.
આ મજૂર જ્યારે પગે પડ્યો હતો ત્યારે પૂ.શ્રીએ જોયું હતું કે એનું વસ્ત્ર ફાટેલું હતું.

**હાસ્યથી ખુશ કરવાની કળા ખુશ રહેવામાં રહેલી છે.**

ઝભ્ભો પાછળથી ફાટેલો હતો એટલે એની પીઠ દેખાતી હતી.

પૂ.શ્રીને ખબર પડી કે મજૂર ઉપવાસ કરવાનો છે.

અને એ રીતે પ્રાયશ્ચિત કરવાનો છે.

અરે! નિર્દોષ અને ગરીબ માણસને આવી સજા થવા દેવાય કે?

અવધૂતજીની માનવતા પોકારી ઊઠી.

એમણે પેલા મજૂરને કહ્યું: "જો! તારે ઉપવાસ કરવાનો નથી.

હું પૈસાનો સ્પર્શ થઇ જાય ત્યારે ઉપવાસ કરું છું એ મારો નિયમ છે.

છતાં આજે હું એ નિયમ તોડીશ અને ભિક્ષા કરીશ. ઉપવાસ નહિ કરું."

પછી પૂ.શ્રીએ સેવકને કહ્યું કે એને સારું વસ્ત્ર આપીને પછી જવા દેજો.

પેલો મજૂર જમ્યો. નવું વસ્ત્ર લઈને ગયો.

એ.જી. ગાર્ડિનરનું વાક્ય છે:

નિયમો માણસો માટે છે, માણસ નિયમો માટે નથી.

There are rules and rules. Some are to be observed and Some are not.

બાળકો! આપણે પણ માનવતા જાળવવા નિયમમાં જરૂરી ફેરફારો કરતાં શીખીએ.

નિયમ પાલનમાં જડતા એ અવગુણ છે.

•

## (૮)

## અવધૂતજીની દેશભક્તિ

રંગદાદા જ્યારે પાંડુરંગ વળામે હતા ત્યારે વડોદરા કોલેજમાં અભ્યાસ કરતા હતા.

ગાંધીજીએ હાકલ કરી: “કોલેજ છોડો.”

પાંડુરંગે કોલેજ છોડી દીધી.

કોલેજ છોડી અમદાવાદ આવી ગયા.

ગુજરાત વિદ્યાપીઠમાં જોડાઇ ગયા.

દેશને આઝાદ કરવા માટેની તીવ્ર લગન હતી.

રંગ અવધૂત થયા ત્યારે પણ આ દેશ પ્રેમ એવો ને એવો જ રહ્યો. દેશમાં ચોખાનું રેશનીંગ દાખલ થયું.

માપસર ચોખા મળવા લાગ્યા.

પૂ.શ્રી પોતે અઠવાડિયામાં એક વાર ચોખા લેતા અને તે પણ ખૂબ થોડા.

**માનવજાત પાસે એક બ્રહ્માસ્ત્ર છે, અને તે છે હાસ્ય.**

આમ છતાં તેમણે એટલા ચોખા ખાવાનું પણ બંધ કરી દીધું.

હું દેશ માટે શું કરી શકું?

જહોન કેનેડીએ આપેલું સૂત્ર તો પૂ.શ્રીએ ક્યારનું આચારમાં મૂકી દીધું હતું.

અમેરિકાના પ્રમુખનું સૂત્ર હતું: 'એ ના પૂછો કે દેશ મારે માટે શું કરી શકે? એમ પૂછો કે હું દેશ માટે શું કરી શકું?'

"Don't ask what the country can do for you? Ask what you can do for your country."

મારાથી જે થાય તે હું મારા દેશ માટે કરું એ સાચી દેશભક્તિ, સાચો રાષ્ટ્રપ્રેમ.

પોતાની જન્મ જયંતી ભક્તો ઉજવતા હતા.

પણ દેશ ઉપર વિદેશી આક્રમણ થયું હોય કે રેલસંકટ આવ્યું હોય તો પૂ.શ્રી પોતાની જયંતી ઉજવવાની ના પાડતા.

પોતાના દર્શને પણ નહિ આવવાની આજ્ઞા કરતા.

નારેશ્વર ન આવતાં એ બધી રકમ રાહતફાળામાં આપી દો એવી સૂચના આપતા.

આ મારો દેશ છે અને મારા દેશને પ્રગતિના પંથે લઈ જવા માટે બધું કરી છૂટવા તૈયાર હતા.

**હાસ્ય પ્રાદેશિક છે, સ્મિત આખા વદન પર ફરી વળે છે.**

એમણે તો ત્યાં સુધી કહ્યું હતું કે જો સરકાર સાધુ સંતોને લશ્કરમાં જોડાવવાનું એલાન કરશે તો એમાં સૌથી પહેલો જોડાનારો હું હોઇશ.

નારેશ્વરની તપોભૂમિમાં રાયફલ કેમ્પ યોજાયો હતો.

આ રાયફલ કેમ્પનું ઉદ્‌ઘાટન પૂ.શ્રીએ રાયફલનો ઘોડો દબાવીને કર્યું હતું.

દેવભક્તિના જેવી જ દેશભક્તિ પણ.

●

## (૯)

## રાષ્ટ્રાય સ્વાહા- યુગમંત્ર

રાષ્ટ્રને સમર્પિત બે મહાપુરુષો.

એક પ.પૂ. રંગ અવધૂતજી અને બીજા પ.પૂ. માધવ સદાશિવ ગોલવેલકરજી.

પૂ. ગોલવેલકરજી રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ (R.S.S)ના સર સંઘચાલક.

પ.પૂ. અવધૂતજીની જેમ જ એ આધ્યાત્મિક માર્ગના જ પ્રવાસી. પણ પૂ. હેડગેવારજીએ એમને સંઘની જવાબદારી સોંપી.

**હસવાવાળા લાખોપતિ દુર્લભ છે.**

બંને મહાપુરુષો જગદ્ગુરુ શંકરાચાર્ય થઈ શક્યા હોત પણ થયા નહિ.

પૂ. બાપજીમાં રાષ્ટ્રપ્રેમ અગાધ.

સ્વકષ્ટાર્જિત ખાવાની વૃત્તિ અને શિસ્ત પાલન પણ ઘણું.

આ બંને સદ્ગુણો આર.એસ.એસ.ના મૂળભૂત સંસ્કારો ગણાય.

સને ૧૯૬૧ની સાલ એટલે કે સંવત ૨૦૧૭.

ગુરુપૂર્ણિમાના ઉત્સવ નિમિત્તે વડોદરામાં શ્રીગુરુલીલામૃતની સપ્તાહ.

પૂ.શ્રીની પધરામણી નટવરલાલ શેઠના સત્યનારાયણ બંગલામાં.

એ જ સમયે ગોલવલકરજી પણ વડોદરા પધાર્યા.

ગોલવલકરજી વડોદરા આવ્યા છે એની જાણ થતાં પૂ.શ્રીએ એમને મળવા જવા વિચાર્યું.

ગોલવલકરને ખબર પડી. એમણે કહ્યું: "પૂ.મહારાજશ્રી આવે તે ઠીક નથી. આપણે જ દર્શન માટે જશું."

પૂ. બાપજીને અનુકૂળ પડે એવા સમયે મુલાકાત ગોઠવી.

ગુરુજી આવ્યા જાણી પૂ.શ્રી ઊઠ્યા અને સામે ગયા.

ગુરુજી પૂ.શ્રીના ચરણસ્પર્શ કરવા જતા હતા પણ બાપજીએ રોક્યા.

**હસવામાં ઉતાવળા થશો તો રોવાનો વારો નહિ આવે.**

તેમને માનપૂર્વક અંદર લઇ ગયા.
પૂ.શ્રીએ ગુરુજીને પોતાની ગાદી ઉપર બેસાડ્યા અને અવધૂતજી પોતે નીચે બેઠા.
જલ અને પુષ્પ દ્વારા ગુરુજીનો અભિષેક કરતા રહ્યા.
બાપજીએ એક હાર મંગાવી રાખેલો.
દૂધની વ્યવસ્થા પણ રાખેલી.
ગુરુજીના માણસોએ કહ્યું હતું કે તેઓ બહારનું કશું સ્વીકારતા નથી કે લેતા નથી.
ગુરુજી આવ્યા.
પૂ.શ્રીએ પૂછ્યું "હાર પહેરાવું?"
ગુરુજીએ મસ્તક નમાવ્યું.
પૂ.શ્રીએ હાર પહેરાવ્યો.
વાતચીત ચાલી.
પૂ.શ્રીએ પૂછ્યું "દૂધ લેશો?"
ગુરુજી બોલ્યા: "અવધૂત ઝેર આપશે તો ઝેર પણ લઇશ!"
દૂધ આપ્યું અને ગુરુજીએ પીધું.
બંને મહાપુરુષો હતા. બંને સંતો જ હતા.
કાર્યક્ષેત્ર જુદાં પણ લક્ષ્ય એક.
બાપજીની સૂચનાથી ફોટો લેવાયો.

**પુસ્તકો એ દંભી મહંતો વિનાના દેવળો છે.**

ગુરુજીએ આંખો બંધ કરી દીધી.
ફોટોગ્રાફરે પૂ.શ્રીનું ધ્યાન દોર્યું.
પૂ.શ્રીએ કારણ પૂછ્યું.
ગુરુજીએ કહ્યું: "આપની આંખો પણ બંધ જ હતી ને!"
પૂ.શ્રીએ કહ્યું: "ના મારી આંખો તો ખૂલ્લી જ હતી."
ગુરુજીએ કહ્યું: આપે પહેરેલા કાળા ચશ્મા (ગોગલ્સ)ને લીધે આપની આંખો દેખાતી ન હતી એટલે મેં પણ આંખો બંધ કરી દીધી."
પૂ.શ્રી હસ્યા.
ચશ્મા બદલ્યા. સાદા ચશ્મા પહેર્યા.
પૂ.ગુરુજીની પડખે ઊભા રહ્યા.
એકબીજાના ખભે હાથ મૂક્યો અને પ્રસન્નતાપૂર્વક ફોટો પડાવ્યો ખૂલ્લી આંખે.
હે બાળકો! રાષ્ટ્ર એ આપણી માતા છે.
અને રાષ્ટ્ર માટે તો જેટલું પણ સમર્પણ કરીએ તે ઓછું કહેવાય.
યુગમંત્ર છે: રાષ્ટ્રાય સ્વાહા ।

●

# (૧૦)

# દેવનો ડર રાખો

માણસે પ્રામાણિકતાથી કમાવવું જોઇએ.
"નેક કમાઇ કર લે ભાઇ, ઇસમેં સબ કુછ આઇ"
એવું પૂ.શ્રીએ એક ભજનમાં ગાયું છે.
વ્યક્તિ બીજાની લાચારીનો લાભ ઊઠાવે તે ખોટું છે.
વ્યક્તિ પોતાની વિદ્વત્તાને વેચે- વધુ રકમ માગે તો તે અયોગ્ય છે.
સને ૧૯૬૫માં પૂ.શ્રીનો લીંચમાં મુકામ.
રંગભકત બચુભાઇના ખેતરમાં બનાવેલી કુટિરમાં પૂ.શ્રીએ મુકામ રાખેલો.
પૂ.શ્રીની હાજરીમાં પાદુકાપૂજન ગોઠવાયું.
સિદ્ધપુરના વિદ્વાન કર્મકાંડી બ્રાહ્મણને બોલાવેલા.
બ્રાહ્મણ વિદ્વાન હોય તો શ્લોકો શુદ્ધ ઉચ્ચારથી બોલે અને સારી વિધિ કરાવે એવી ભાવના.
લીંચમાં એક જ દિવસે બે પાદુકાપૂજન ગોઠવાયા.
એક પૂજન સવારના થયું અને બીજું પૂજન બપોરે ગોઠવાયું.
સવારે વિસનગરના ભક્ત પૂજનમાં હતા અને બપોરે

**શ્રેષ્ઠ પુસ્તકો એ અજોડ મિત્રો છે.**

પૂજનમાં હતા બાકરોલવાળા ડૉ. કાન્તિભાઈ વ્યાસ.
બંને પૂજન સિદ્ધપુરના વિદ્વાન શાસ્ત્રીએ જ કરાવ્યા.
બંને યજમાને દક્ષિણા આપી.
તે પણ યોગ્ય હતું.
પરંતુ બંને યજમાન પાસેથી સિદ્ધપુરથી લીંચનું આવવા જવાનું ભાડું લીધું તે બાપજીને યોગ્ય ના લાગ્યું.
યજમાન આપે તો પણ ના કહેવી જોઈએ એના બદલે માગીને લેવાનું?
પૂ.શ્રીને આ અયોગ્ય લાગ્યું.
આ તો વણહકકનું લીધેલું કહેવાય.
હક્કથી વધારે માગે તો એ સામી વ્યક્તિનું શોષણ કર્યું કહેવાય.
ધર્મને નામે વ્યાપાર કહેવાય.
આમાં ભગવદ્કાર્યની ભાવના ક્યાં આવી?
આમાં ધર્મ પ્રત્યેનો ભાવ ક્યાં દેખાયો?
પૂ.શ્રીએ તરત બચુભાઈને કહ્યું: "હવે એમને નહિ બોલાવવાના.
તમારા બાપુજી પૂજન કરાવે કે નહિ?"
બચુભાઈએ કહ્યું "બાપજી! કરાવે પણ આમના જેવું વેદોક્ત ના ફાવે."

**જીવનચરિત્રો ચારિત્ર્ય ઘડતરમાં મહત્ત્વનો ફાળો આપે છે.**

પૂ.શ્રી તરત બોલ્યા: આપણે તો ભાવ જોઇએ અને દેવમાં નિષ્ઠા જોઇએ.

ભગવાન તો ભાવનો ભૂખ્યો છે. જેને ધર્મની કે દેવની બીક નથી, જે ધર્મને નામે વેપાર જ કરે છે એની વિદ્વત્તાને શું કરવાનું?

બસ! બચુભાઇના લીંચમાં પછી એ વિદ્વાનને બોલાવવાનું બંધ થઇ ગયું. પછી બીજા ભૂદેવ ભાઇઓ પૂજન કરાવી જાય છે.

દેવનો ડર રાખીને જે પૂજા કરાવે તે જ પૂજા દેવ સ્વીકારે.

●

# (૧૧)

# ભગવદ્કાર્યમાં ભાવના રાખો, ભાવ(કિંમત) ના રાખો

ભગવાનનું કાર્ય ભાવનાથી થવું જોઇએ.

યજમાન એની શકિત અનુસાર જે દક્ષિણા આપે તે સહર્ષ સ્વીકારવી જોઇએ.

ગરીબ યજમાનને એવું ન કહેવાય કે આટલી દક્ષિણા તો લઇશ જ.

પ્રેમથી કરેલા ભગવદ્કાર્યનો ભગવાન બદલો આપે જ.

ધીરજ જોઇએ. થોડી શ્રદ્ધા જોઇએ.

અવધૂતજીએ આવા ભાવથી ભગવદ્કાર્ય કરેલું.

નારેશ્વરમાં એક યજ્ઞનું આયોજન થયું.

પ્રતિષ્ઠિત વિદ્વાનોને આમંત્રણ પાઠવવામાં આવ્યા.

નારેશ્વર યજ્ઞમાં જવાનું મળે એ જ મોટું પુણ્ય ગણાય.

અવધૂતજીની હાજરીમાં મંત્રો બોલવાનું મળે એ જ મોટું સદ્ભાગ્ય ગણાય.

દક્ષિણા તો ઠીક છે.

અને આમ પણ આ કંઈ ગ્રાહક-વેપારીનો સંબંધ થોડો છે કે ભાવતાલ નક્કી થાય?

**દરેક સારું પુસ્તક એક ચમત્કાર છે.**

આમ છતાં સિદ્ધપુરના એક પ્રતિષ્ઠિત શાસ્ત્રીએ આમંત્રણ તો સ્વીકાર્યું પણ લખ્યું કે હું દક્ષિણા તરીકે રૂ.૨૫૧ લઈશ. મોદીકાકાએ આ વાત અવધૂતજીને કરી.

અવધૂતજીના સિદ્ધાંત વિરુદ્ધની વાત થઇ.

છતાં એમણે મોદીકાકાને કહ્યું કે તમે એ શાસ્ત્રીને લખી દો કે તમારી શરત મંજૂર છે. યજ્ઞમાં આવી રહેજો.

નારેશ્વરમાં બધા પ્રતિષ્ઠિત શાસ્ત્રીઓ ભેગા થયા.

યજ્ઞકાર્ય સરસ રીતે સંપન્ન થયું.

યજ્ઞમાં પંડિતો યજમાનને આશીર્વાદ આપે.

પરંતુ એ પહેલા યાજ્ઞિકોને દક્ષિણા આપવામાં આવે.

દક્ષિણા લે અને પછી આશીર્વાદના મંત્રો ભણે.

પૂ.શ્રીએ બધાને રૂ. ૩૦૧ દક્ષિણા આપવાનું નક્કી કર્યું હતું.

બધાની દક્ષિણા રૂ. ૩૦૧ મૂકાઈ પણ સિદ્ધપુરના શાસ્ત્રીના કવરમાં રૂ. ૨૫૧ મૂકાયા.

કર્મકાંડી બ્રાહ્મણોમાં અંદરો અંદર વાત કરવાની ટેવ હોય છે.

વાત કરતાં ખબર પડી કે બધાને રૂ. ૩૦૧ કે તેથી વધુ દક્ષિણા છે પણ પોતાના કવરમાં જ રૂ. ૨૫૧ની દક્ષિણા છે.

**સારા પુસ્તકનો લેખક એક અદ્‌ભુત જાદુગર છે.**

એમને થયું કે કાંઇ ભૂલ થાય છે.
મોદીકાકાનું ધ્યાન દોર્યું.
મોદીકાકાએ કહ્યું કે ભૂલ નથી થઇ.
પૂ. બાપજીએ કહ્યું છે કે શાસ્ત્રીએ દક્ષિણા માગીને લીધી છે તો એણે જેટલા માગ્યા છે તેટલા જ આપો.
વિદ્વાન થયાં એટલે શું થયું?
ભગવાનનું કાર્ય ભાવના યુક્ત કરવાનું કે ભાવ (કિંમત) યુક્ત?

ભાવના હોય તો હોયે દિવાળી,
ભાવ ના હોય તો હોળી રે.

બાળકો! વિદ્વતાના જોરે કે બીજાની લાચારીને જોરે ધર્મકાર્યમાં આવી વૃત્તિ રાખવી યોગ્ય ન ગણાય.
ભગાવનનું કામ ઓછી દક્ષિણાથી કર્યું હશે તો ભગવાન આપણા ઋણમાં રહેશે.
હનુમાને રામને ઋણમાં રાખ્યા તો આજે એ પૂજાય છે.

●

**સાચું સુખ અને આનંદ સારા પુસ્તકોમાંથી મળે છે.**

# (૧૨)

## હવે ઘસજો

નવાપુર નામે ગામ.

ગુજરાત રાજ્યની હદ પૂરી થાય અને મહારાષ્ટ્રની હદ શરૂ થાય ત્યાં આ ગામ આવેલું છે.

ગુજરાતીઓની વસતી સારી એવી.

પૂ.શ્રીનો નવાપુરમાં મુકામ થયો.

પૂ.શ્રીનું નામ ચારે દિશામાં ગાજતું થયેલું.

મહાન સંત તરીકેની નામના.

સિદ્ધપુરુષ તરીકેની કીર્તિની ધજા ફરકે.

જ્યાં પૂ. બાપજીનો મુકામ હતો ત્યાં દર્શનાર્થીની ભારે ભીડ.

લોકો લાઇનમાં ઊભા રહેલા.

વારા ફરતી ભક્તો દર્શન કરે.

મોટે ભાગે દરેકને કંઇ ને કંઇ મુશ્કેલી હોય, મૂંઝવણ હોય.

એ પોતાના દુ:ખની વાત કરે એટલે બાપજી એનો કોઇ ઉપાય બતાવે.

ઘણીવાર ઉપાય તો નામ પૂરતો જ હોય બાકી પૂ.શ્રી સંકલ્પમાત્રથી દુ:ખ દૂર કરી દે.

**પુસ્તકો વાંચકને ઊડવાની પાંખો આપે છે.**

એ ગામમાં સુંદરલાલ ખરલાવાળા નામે એક ભાઈ રહે.
એમની પત્નીનું નામ સવિતાબેન.
એમના પગે સખત દુ:ખાવો.
સાઈટિકાનો દુ:ખાવો એવો ભયંકર કે ચીસ પડાવી દે.
ગામડામાં તો આવો દુ:ખાવો થાય એટલે કેરોસીન ઘસે.
કેરોસીન ઘસવાથી રાહત મળે.
આ સવિતાબેન રોજ પગે કેરોસીનનું માલીસ કરે.
માલિસથી થોડી રાહત થાય પણ દુ:ખાવો જાય નહિ.
આ સવિતાબેન પણ લાઈનમાં ઊભા રહેલા.
સેવક બધાને વારાફરતી જવા દે અને દર્શન કરી લે એટલે પ્રસાદ આપે.
સેવામાં સુમનભાઈ પુરોહિત-માસ્તર (ભજન ભાસ્કર) હતા.
સવિતાબેન આવ્યા.
પગે લાગ્યા અને પોતાના દુ:ખાવાની વાત કરી.
પૂ.શ્રીએ કહ્યું: "બેન ગ્યાસ્તેલ ઘસજો. સારું થઈ જશે."
એ બેનને પૂ.શ્રીના આશીર્વાદમાં સમજ ન પડી.
એટલે એમણે કહ્યું: "બાપજી! કેરોસીન તો હું ઘસું જ છું. છતાં ફેર નથી પડતો."
બાપજીએ કહ્યું: "હવે ઘસજો."

**કેટલાક પુસ્તકો વાચવાના હોય, કેટલાક પચાવવાના હોય.**

સુમનભાઈ સમજી ગયા કે આ બેન હજી સમજ્યા નથી.
એ બેનને આગળ બોલાવ્યા અને ફોડ પાડ્યો.
સુમનભાઈએ કહ્યું: "બાપજીએ કહ્યું કે હવે ઘસજો એનો અર્થ શું? તમારું દુ:ખ દૂર થશે જ.
એમના આશીર્વાદથી જ દુ:ખ જશે.
ગ્યાસ્તેલ ઘસવાનું તો કેવળ બહાનું છે."
પછી સવિતાબેન સમજ્યા અને ઘરે ગયા.
પૂ.શ્રીના આશીર્વાદ ફળ્યા અને દુ:ખાવો દૂર થયો.

•

## (૧૩)

## ભગવાન ફરે ભક્તની ફિકરમાં

સને ૧૯૬૫નું વર્ષ.
૬૮મી રંગજયંતી અંબાજીમાં ઉજવવાનું નક્કી થયું.
પૂ.શ્રીને માતાજીનો આદેશ થયો.
એટલે અંબાજીમાં જયંતી ગોઠવાઈ.
પૂ.શ્રીએ સ્તોત્ર લખ્યું.
"માતશ્ચામ્બે જાગૃહિ જાગૃહિ."
ભારત ઉપર એ જ સમયે વિદેશી આક્રમણ પણ થયેલું.

એ રંગજયંતી પ્રસંગે શોભાયાત્રા નીકળી.
લોકોને ખબર નહિ એટલે પૂ.શ્રી પર પૈસા ફેંકાયા.
સામાન્ય રીતે બીજા સંતોની શોભાયાત્રામાં લોકો આવું કરતા હોય છે. એ પ્રમાણે થયું.
પરંતુ પૂ.શ્રી તો દ્રવ્યનો સ્પર્શ થાય તો ઉપવાસ કરે.
નિયમ એટલે નિયમ.
નિયમનું પાલન કરવું જ રહ્યું.
પૂ.શ્રીનો મુકામ દાંતી નરેશના બંગલામાં.
દાંતી નરેશને ખૂબ નવાઈ લાગી.
અરે! બધા સંતો પૈસા માગીને લે છે.
પૈસાને હાથ અડાડે છે અને આ મહારાજ તો દ્રવ્યનો સ્પર્શ થતાં ઉપવાસ કરે છે.
એમનો આવો નિયમ શા માટે?
એવું મુ.ભવાનીશંકર શાસ્ત્રીને પૂછ્યું.
શાસ્ત્રીજીએ પોતાની સમજ પ્રમાણે સમજાવ્યું.
પછી એમને થયું કે હું સમજાવું એના કરતાં બાપજીને જ પૂછીએ.
શાસ્ત્રીજીએ પૂ.શ્રીને પૂછ્યું: “બાપજી! આ દાંતી નરેશ પૂછે છે કે આવો નિયમ શા માટે?
દ્રવ્યના સ્પર્શે ઉપવાસ શું કામ?”

**સારાં પુસ્તકો જેવો કોઈ કાયમી મિત્ર નથી.**

પૂ.શ્રી સમજી ગયા એમણે કહ્યું: "જુઓ! અમે જગતને છોડીને જંગલમાં ગયા ત્યારે કોના ભરોસે ગયા હતા?

કેવળ ભગવાનના ભરોસે ગયા હતા હવે જો હું સમાજ માટે ઉપયોગી હોઈશ તો ભગવાન મારી ફિકર કરશે.

મારો લંગોટ ફાટેલો હશે તો એ જોઈને તમને પ્રેરણા કરશે અને તમે મારે માટે બે લંગોટ લઈ આવશો.

પણ જો હું સમાજ માટે ઉપયોગી ન હોંઉ તો ભગવાન મારી ફિકર નહિ કરે.

અને હું બિન ઉપયોગી હોંઉ તો હું મરી જાઉં એમાં પણ શો વાંધો?"

પૂ.શ્રીએ એક સરસ દૃષ્ટાંત આપ્યું.

અરે! એક કૂતરી વિયાય છે તો બહેનો એને તેલનો શીરો કરીને ખવરાવે છે તો અમે સાધુ સંતો શું કૂતરાથી પણ ગયા?

ભગવાનને ભરોસે રહેનારો સંત જગત પાસે શું કામ માગે?

એને પૈસાની શી જરૂર?

જે ભગવાનને સંભારે તેને ભગવાન સંભાળે.

**અશ્લિલ પુસ્તકનું વાચન એ ઝેર પીવા સમાન છે.**

ભગવાન તો ભક્તની ફિકરમાં ફરતો ફરે છે.
દાંતી નરેશ તો વિચારમાં જ પડી ગયા.
કેવી અલૌકિક વિચારધારા!
કેવું અદ્‌ભુત ચિંતન.
હે બાળકો! માગનારની જગતમાં કોઈ કિંમત નથી.
માગવું અને મરવું બે સરખા.

•

## (૧૪)

## વણ માગ્યે રંગ મળે પ્રભુતા

કીર્તિની કામના દરેક વ્યક્તિને હોય છે.
મોટાઈ મેળવવા માનવી જાત જાતના પ્રયત્નો કરતો હોય છે.
કંચન (પૈસો) અને કામિની (સ્ત્રી)ની એષણા છોડવી સરળ છે પણ કીર્તિની એષણા છોડવી અઘરી છે.
પરંતુ વ્યક્તિ પોતાનામાં સદ્‌ગુણો વિકસાવે પછી એની કીર્તિ આપો આપ ફેલાતી રહે છે.
એ ઈચ્છતો નથી છતાં લોકો એના વિશે સારો અભિપ્રાય રાખે છે.

**પુસ્તકપ્રેમી સૌથી વધુ શ્રીમંત અને સુખી છે.**

એનું જીવન જ એવું સુગંધમય બને છે કે એણે મોટાઇ માગવી પડતી નથી.

લોકો પોતાના સુખ અને સંતોષ માટે એને પ્રભુતા-મોટાઈ આપે છે.

પૂ.શ્રી નારેશ્વરમાં હતા ત્યારનો પ્રસંગ છે.

દર્શન આવનારના મનમાં જાતજાતના ને ભાતભાતના પ્રશ્નો હોય.

એક ભાઈએ કહ્યું: "બાપજી! ગીતામાં કહ્યું છે કે બધાના હૃદયમાં એક જ પરમાત્મા રહેલો છે.

તો પછી લોકો આપને પગે લાગે છે પણ અમને તો પગે નથી લાગતા."

આમ જુઓ તો પ્રશ્ન વિચારવા જેવો હતો.

મૂંઝવણ ચિંતનશીલ હતી.

પૂ.શ્રીએ એમને પૂછ્યું: "તમને અત્યારે તરસ લાગે તો તમે શું કરો?"

પેલા ભાઈએ કહ્યું: "બાપજી! નર્મદામાં જઈને પાણી પી લઉં."

એમનો જવાબ પૂરો થયો એટલે બાપજી બોલ્યા: પણ તમે જે જગાએ બેઠા છો એ જમીનની નીચે પણ પાણી તો છે જ.

**દીવો, સારુ પુસ્તક અને પોતે એકલા એટલે સર્વસ્વ મળ્યું.**

પેલા ભાઈ પૂ.શ્રીની વાત સમજી શક્યા નહિ.

એમણે કહ્યું: બાપજી! આપની વાત સાચી છે પણ એ પાણી માટે મારે ખોદવું પડે જ્યારે નર્મદાજીમાં તો પાણી સપાટી પર આવી ગયું છે.

બસ! જવાબ સાંભળતાં જ પૂ.શ્રી બોલ્યા: "લોકોને મારામાં જે દેવત્વના દર્શન થાય છે એ દેવત્વ તમારે પ્રગટાવવાનું બાકી છે.

મારામાં દેખાય છે તે તમારામાં દેખાતું નથી.

તમે સદ્ગુણોના વિકાસ દ્વારા એ દેવત્વ પ્રગટાવશો એટલે તમે નહિ ઈચ્છો તો પણ લોકો તમને પગે લાગવા માંડશે."

Deserve and then Desire નો સૂર પણ આજ છે. પરંતુ સાચુ તો એ છે કે દૈવી સંપત્તિ મેળવ્યા પછી આવી મોટાઈ કે પ્રભુતામાં રસ જ રહેતો નથી.

•

**પુસ્તકો એટલે સમયના સાગરની દીવાદાંડી.**

# (૧૫)

# અવધૂતને બોલાવ્યો છે તો બોલાવી જાણજો!

સુરત જિલ્લાનું પુના કુંભારિયા ગામ.
સુરતથી પલસોદ-અકોટી જતા રસ્તામાં આવે.
આ કુંભારિયામાં રણછોડજી પરાગજી પટેલ નામના ખેડૂત રહે.
તેમને બે દીકરા.
મોટા છોટુભાઈ અને નાના મગનભાઈ.
છોટુભાઈ મહેનતુ અને ઘરરખુ.
પિતાની ખેતી સંભાળે.
નાના મગનભાઈમાં શ્રીમંતાઈના અપલક્ષણો આવેલાં.
સ્કૂલમાં જાય ખરા પણ ભગવાને બદલે બાપના પૈસે લહેર કરે અને મિત્રોને કરાવે.
સદ્‌ગુણ અને દુર્ગુણ બંને ચેપી છે.
એક સદ્‌ગુણ બીજા સદ્‌ગુણને આકર્ષે.
એ જ રીતે એક દુર્ગુણ પાછળ બીજો દુર્ગુણ આવ્યો જ સમજો.
મગનભાઈ તો દારૂ, બીડી વગેરે વ્યસનોવાળા.

**પુસ્તકો વ્યક્તિને વિચાર કરતા કરી મૂકે છે.**

સુરત જિલ્લામાં અપશબ્દો (ગાળો) બોલવા, ધૂમ્રપાન કરવું, દારૂ પીવું એ બધું સામાન્ય ગણાય.
પછી તો એમાંથી દાદાગીરીનો સ્વભાવ જન્મ્યો.
મગનભાઈના નામથી લોકો કંપે.
મગનભાઈ આમાં ગૌરવ લે.
લોકો મગનભાઈને ગામનો ઉતાર ગણે.
જ્યારે પ્રારબ્ધ વળાંક આપે ત્યારે કેવો આશ્ચર્યકારક ઘટના થાય તેની સાબિતિ આ મગનભાઈ છે.
એક દિવસ એમના ઘરે એક સાધુ આવ્યો અને કહ્યું:
"તું નારેશ્વર જા. ત્યાં તારો ઉદ્ધાર થશે."
સાધુ તો આટલું કહીને જતો રહ્યો પણ મગનભાઈના મગજમાં આ વાત ઉતરી ગઈ.
એ તો ઉપડ્યા નારેશ્વર.
નારેશ્વર જઈને પૂ.શ્રીના દર્શન કર્યા.
ત્યાં જે ભક્તો હતા તેમણે મગનભાઈને જોયા.
ખૂબ આશ્ચર્ય થયું.
દર્શન કર્યા પછી મગનભાઈએ પૂ.શ્રીને આમંત્રણ આપતાં કહ્યું: "બાપજી! મારા ગામે પધારો.
હું પુના કુંભારિયા રહું છું."
પૂ. બાપજીએ તો તરત જ હા કહી દીધી.

**સારું પુસ્તક જ્યાં પણ હશે ત્યાં સ્વર્ગ રચી દેશે.**

"મગનભાઇ! હું એ બાજુએ આવીશ ત્યારે તમારા ઘરે જરૂર આવીશ."

મગનભાઇ ગયા એટલે બધા ભક્તો પૂ.શ્રીને કહેવા લાગ્યા: "બાપજી! આ મગનભાઈને ત્યાં તમે જશો? એ તો ગામનો ઉતાર છે અને બધા અવગુણોનો ભંડાર છે."

પૂ.શ્રીએ કહ્યું "મગનભાઈ જેવા પતિત જન છે તો જ લોકો અમને પતિત પાવન કહેશેને! હું તો જઇશ."

કોઇ ધન્ય ઘડીએ પૂ.શ્રીનો મગનભાઇને ત્યાં મુકામ થયો. ત્યાં શાંતિથી રહ્યા.

મગનભાઈને શિખામણનો એક પણ શબ્દ ના કહ્યો. એમના ઘરેથી નીકળતી વખતે એટલું જ બોલ્યા: "મગનભાઇ! અવધૂતને બોલાવ્યો છે તો બોલાવી જાણજો."

બસ! આ વાક્ય હૃદયમાં સોંસરવું ઉતરી ગયુ.

પૂ.શ્રીએ શું કર્યું તે મગનભાઈનું સમગ્ર જીવન જ પલટાઇ ગયું.

વાલિયો લૂટારો વાલ્મિકિ ઋષિ બની ગયો.

આજે મગનભાઈનું ઘર મંદિર બની ગયું છે અને રંગકુટિરમાં રંગભકતો જઇને સાધના કરે છે.

**જૂનાં કપડાં પહેરીને પણ નવા પુસ્તકો ખરીદવાં જોઈએ.**

બાળકો! જોયું ને! ગમે તેવી ખરાબ વ્યક્તિ પણ સત્સંગથી સુધરી જતી હોય છે.
સાચો સંત બોલ્યા વગર જીવન બદલી નાંખે તે આનું નામ.

•

## (૧૬)

## લૂલીને વશ રાખો

જીભ એ આપણા શરીરની Main Swith મુખ્ય સ્વીચ છે.
જીભમાં હાડકું નથી એટલે એ ગમે તેમ વળાંક લઈ શકે.
એને રસના કે લૂલીના નામે પણ ઓળખવામાં આવે છે.
બધી ઈન્દ્રિયોને વશમાં રાખવા માટે જીભને વશ કરવી પડે.
જીભને વશ કરો એટલે રસાસ્વાદ પર કાબૂ મેળવો અને બોલવા ઉપર પણ લગામ રાખો.
ગમે તેમ બોલવામાં જ કુરુક્ષેત્રનું યુદ્ધ થયું હતું.

'આંધળાના છોકરાં પણ આંધળા જ હોય' એવું દ્રોપદીના બોલી હોત તો વાત બગડી તેમ બગડી ના હોત.

સને ૧૯૬૦ની આજુબાજુના સમયની વાત છે.

ઉનાળાના દિવસો હતા.

પૂ.શ્રી રાત્રિના અગિયાર વાગે લોહાણા બોર્ડિંગમાં પધાર્યા.

આ બોર્ડિંગના ગૃહપતિ ભવાનીશંકર શાસ્ત્રી હતા.

શાસ્ત્રીજી પૂ.શ્રીના અનન્ય ભક્ત.

'શાન્તં યોગીન્દ્ર વર્યં' શ્લોકના રચયિતા.

પૂ.શ્રી પધાર્યા એટલે મનમાં આનંદ આનંદ થઈ ગયો.

શાસ્ત્રીજીએ બોર્ડિંગના કેટલાક છોકરાંને પોતાના ઘરે મોકલ્યા.

ઘરેથી સારી સારી કેરીઓ મંગાવી.

કેરી છોલીને તેના સારા કટકા કરી પૂ.શ્રી સમક્ષ થાળી મૂકવામાં આવી.

પૂ.શ્રીએ શાસ્ત્રીજીને કહ્યું: "શાસ્ત્રીજી! અતિકાળ થઇ ગયો છે એટલે હું કશું જ લેતો નથી."

વિદ્યાર્થીઓએ કેરીના ખૂબ વખાણ કર્યા.

બાપજી! કેરી ખૂબ સરસ છે.

**પુસ્તકો મન માટે સાબુનું કાર્ય કરે છે.**

ખૂબ મીઠી છે. રસવાળી છે.

સુગંધીદાર છે એમ ઘણું ઘણું કહ્યું અને કહ્યું: "બાપજી! થોડી કેરી પણ ખાવ તો ખરા."

પૂ.શ્રીએ કહ્યું: ભાઈ! હું રાતે કશુ જ લેતો નથી એટલે નહિ લઉં. તમે બધા એ લઈ લો."

આ સાંભળીને શાસ્ત્રીજી વચમાં બોલી ઊઠ્યા: "નહિ બાપજી! એમ તે કંઈ ચાલે? આપ થોડી પણ લો. પછી અમે બધા પ્રસાદરૂપે લેશું."

બાપજી કહે: "અરે શાસ્ત્રીજી! તમે પણ નાના છોકરા જેવી વાત કરો છો.

હું રાત્રે નથી જ લેતો. મારો એ નિયમ છે."

આમ છતાં આપણે જેમ આપણા સ્નેહીજનને આગ્રહ કરીએ તે રીતે જ શાસ્ત્રીજી પણ આગ્રહ કરવા લાગ્યા.

બાપજીએ હસીને કહ્યું: "પણ શાસ્ત્રીજી! મને ભૂખ તો લાગવી જોઈએ ને! અરે! રૂચિ તો થવી જોઈએ ને!

જ્યારે તમે કેરીના આટલા વખાણ કરો છો તો મારી જીભે પાણી તો છૂટવું જોઈએ ને!

જો પાણી છૂટે તો મારે ખાવી, બસ!" એમ કહીને બાપજીએ જીભ બહાર કાઢી.

જીભ એકદમ સૂકા પાંદડા જેવી સૂકી ભઠ.

**પુસ્તક એ સ્વાધ્યાય દ્વારા આત્મવિકાસનું મોટું સાધન છે.**

અડધી મિનિટ થઇ.
એક મિનિટ થઇ પણ જીભ ભીની ન થઇ તે ન જ થઇ.
આ જોઈને છોકરાંઓ તો શરમાઇ જ ગયા પણ શાસ્ત્રીજી પણ ડઘાઈ ગયા.
અને બાપજીની માફી માગવા લાગ્યા.
ઈન્દ્રિય દોડાવે એમ આપણે દોડીએ તો એવા જીવનનો અર્થ પણ શો?
જીભ જીતી એણે બધું જીત્યું.
જીભને- લૂલીને- વશ રાખો.

●

## (૧૭)

## જંખણી સાધી છે જંખણી

વ્યાસ બરકાલમાં પૂ.શ્રીનો મુકામ.
પાછલા પહોરના ફરવા નીકળેલા.
સાથે પાંચ પચાસ ભક્તો પણ હતા.
સત્સંગની વાતો ચાલે.
એવામાં એક અજાણ્યા ગૃહસ્થ મળ્યા.
પૂ.શ્રીને પગે લાગીને વિનંતી કરી: બાપજી! મારી વાડીમાં ન પધારો?

પૂ.શ્રીએ પૂછ્યું: "વાડી કેટલી દૂર છે?"
એ ગૃહસ્થે કહ્યું: "બાપજી! એકદમ નજીક જ છે. આ દેખાય છે તે જ મારી વાડી."
ચાલો ત્યારે એમ કહીને પૂ.શ્રી પોતાના બધા ભક્તો સાથે વાડીમાં પધાર્યા.
વાડી સીતાફળની હતી.
મઝાના સીતાફળ થયા હતા.
ફળ મોટું હતું અને મીઠું પણ હતું.
પાકા સીતાફળના આઠથી દસ ટોપલાં ભરીને મૂક્યા હતા.
યજમાને બાપજીને કહ્યું: "બાપજી! આ સીતાફળને આપ સૌ ન્યાય આપો."
યજમાનની ભાવના ઓળખીને બાપજીએ પોતાની સાથે આવેલા ભક્તોને કહ્યું: "આ યજમાનની આગ્રહભરી ભાવના છે તો તમે સૌ સીતાફળ ખાવ."
ભક્તોએ વિવેકસર થોડાં સીતાફળ ખાધાં.
અહીં ભક્તો સીતાફળને ન્યાય આપતા હતા તે દરમ્યાન શું થયું?
વ્યાસ ભગવાનના સ્થાનમાંથી બે સંન્યાસીઓ એ રસ્તે થઈને જતા હતા.

**પુસ્તકો એ તાત્કાલિક વરદાન આપે તેવા દેવતા છે.**

એમણે પૂ.શ્રીને જોયા.
સીતાફળના ભરેલા ટોપલા જોયાં અને ભકતોને સીતાફળ ખાતા જોયા.
આ જોઈને સંન્યાસીઓ અંદરો અંદર વાતો કરવા લાગ્યા.
એકે કહ્યું: "આ હમણાં જ આવ્યા છે એટલામાં એને આખી વાડીના સીતાફળ ટોપલાં ભરીને સોંપી દીધાં ને આપણે આટલા વરસથી અહીં પડ્યા છીએ છતાં કોઈ દહાડોય આપણો ભાવ સરખોય પૂછ્યો છે?"
બીજાએ કહ્યું: "અરે! જંખણી સાધી છે જંખણી! એના પ્રભાવ છે આ."
દૂર થતી આ વાત પૂ.શ્રીના કાન અતિ સરવા હોવાને કારણે સાંભળી ગયા.
એટલે બંને સંન્યાસીને તેડવા એમણે માણસ મોકલ્યા.
બંને સંન્યાસી આવ્યા એટલે પૂ.શ્રીએ વિવેકથી કહ્યું: "મહારાજ! આમાંથી ખવાય એટલા ખાવ અને સાથે લઈ જવા હોય તો લઈ પણ જાવ."
અને પછી ધીમેથી કહ્યું: "હવે તમારે જંખણી સાચે જ સાધવી છે? તો હું તમને તેનો મંત્ર બતાઉં.
એકદમ સહેલો સટ્ટ છે.

**તમે શું વાંચો છો એના પરથી તમે કોણ છો એ કહી શકાય.**

તમે જોયું કે આટલા બધા સીતાફળ પડ્યા છે છતાં એમાંથી મને ખાવાની ઈચ્છા જ નથી થતી એ જ મોટી જંખણી છે.”

બે કોહ્યલાં બોર જોતાં પણ જો મોંમાં પાણી છૂટે તો સામાન્ય માનવીમાં અને ભેખધારી સાધુઓમાં ફેર શો? ભેખ લઈશું તો લોકો પૂજશે, માન આપશે, પગમાં માથું મૂકશે અને સારું સારું ખાવાનું મળશે તથા સારા સારા કપડા મળશે, માન મરતબો વધશે એવી જ ગણતરી રાખી હોય તો તો પછી આપ વાતો કરતા હતા તેવું જ થાય.

વર્ષો સુધી પડી રહીએ પણ કોઈ ભાવ સરખોય ના પૂછે. માટે મહારાજ! ઠીક લાગે તો મારી આ જંખણી સિદ્ધિ લ્યો અને ન્યાલ થઈ જાવ.

પોતાની વાતના શબ્દે શબ્દ પૂ.શ્રીને બોલતા સાંભળીને એ બંને સંન્યાસીઓ શરમિંદા થઈ ગયા.

સાધુતા એ વૃત્તિ છે, વેષ નથી.

•

# (૧૮)

# પ્રતિકૂળતામાં અનુકૂળતા

જે ગમે તે મળે એને સુખ કહેવાય પણ જે મળે તે ગમે તો એને આનંદ કહેવાય.

પૂ.શ્રી હંમેશાં આનંદમાં જ રહેતા.

એમની સચ્ચિદાનંદમગ્ન સ્થિતિ અલૌકિક હતી.

એકવાર શાંતિનિકુંજમાં પૂ.શ્રી આરામ કરતા હતા.

સેવામાં જગજીવનદાસ માસ્તર અને લીંચના બચુભાઈ રાવલ (હાલના પૂ. પ્રેમ અવધૂતજી) હતા.

સવારના પાંચ વાગે પૂ.શ્રી ઊઠતા હતા.

આમ તો એમને જાગવા જેવું હતું શું? ઊંઘે તે જાગે પણ જે સદા જાગતા હોય તેને માટે જાગ્યા એવું કેમ કહેવાય?

પૂ.શ્રી પોતે પથારીમાંથી ઊભા થવા જાય ત્યાં જ ગધેડું ભૂંક્યું.

સવારના પહોરમાં ગધેડું ભૂંકે તો કોને ગમે?

સવારે કોયલનો ટહૂકો સાંભળવો ગમે.

મોર ગેહકે તે ગમે.

મંત્રોચ્ચાર કે પ્રભાતિયા સાંભળવા ગમે પણ આ તો ગધેડાનો કર્કશ અવાજ.

**સારું પુસ્તક તે જે આશાથી ખૂલે અને લાભથી બંધ થાય.**

કોને ગમે?

પરંતુ ગધેડાને ભૂંકતું સાંભળીને અવધૂતજીએ શું કહ્યું?

એમણે કહ્યું: "આજે તો અવધૂત ગર્દભ (ગધેડો) બેન્ડની સલામી સાથે ઊઠી રહ્યો છે."

વાતાવરણને એકદમ હળવું બનાવી દીધું.

ગંભીર બનેલા સેવકને પણ હસવું આવી ગયું.

બચુભાઈને થયું હશે: વાહ અવધૂત! જગત જેને પ્રતિકૂળ માને તેને તું અનુકૂળતામાં રૂપાંતરિત કરી દે છે!

પ્રભુના હરેક કાર્યને વિધાયક રીતે જોવાની કેવી દૃષ્ટિ? બધામાં સારું જોવાની કેવી ગુણગ્રાહી દૃષ્ટિ?

હે બાળકો! જે કોઈ પરિસ્થિતિ ઊભી થાય તેને પ્રતિકૂળ માનવી કે અનુકૂળ માનવી એનો આધાર આપણા પર છે.

આપણે ગધેડાને ભૂંકતું તો ન રોકી શકીએ પણ એના ભૂંકવાને ગર્દભબેન્ડની સલામી તો ગણી શકીએ ને?

આવું માનવાથી આપણને જ આનંદ છે - લાભ છે. છે ને!

●

**ઘણીવાર પુસ્તકો મનુષ્યનું ભવિષ્ય સર્જે છે.**

# (૧૯)

# બાજી ડોડીઆની બાજી સુધારી

વડોદરા જિલ્લાનું ડભોઇ ગામ.
ડભોઇ પાસે એક નાનું ગામ.
એનું નામ રામપુરા ભીલોડિઆ.
એમાં બાજી ડોડીઆ નામનો યુવાન રહે.
સને ૧૯૩૫ની આજુબાજુના વર્ષની વાત છે.
પૂ.શ્રી વિશે હજી લોકો ઓછું જાણતા હતા.
બાજી ડોડીઆની ભર યુવાની.
કસાયેલું શરીર.
બળવાન એવા કે દશ યુવાનોને પણ નહિ ગાંઠે.
એમાં બાજીને ગાંડપણ વળગ્યું.
હવે બાજીનું જોર ઓર વધી ગયું.
ગામમાં બાજી તોફાને ચઢે ત્યારે હાહાકાર મચાવી દે.
ખૂબ તોફાન કરે, ભાંગફોડ કરે અને અપશબ્દો બોલે.
બાજી ત્રાસ ત્રાસ પોકારાવી દે.
આ ત્રાસનો ઉપાય શો? એના હાથ પગમાં બેડી પહેરાવી દઇએ. એને બાંધી દઇએ.
એટલે પછી બૂમ બરાડા સિવાય બીજું કાંઇ કરી શકે નહિ.

**પુસ્તક સાથેનો નાતો મધમાખી અને ફૂલ જેવો રાખો.**

એક દિવસ આઠ દસ યુવાનોએ બાજીને પકડી બાંધી દીધો.
એના હાથે પગે સાંકળ બાંધી દીધી.
બીજી બધી રીતે સાજો નરવો બાજી, ગાંડપણને કારણે ઉપાધિરૂપ બન્યો એ કેવી કરુણતા!
ભગવાનનું કરવું તે કોકને નારેશ્વરના સંત યાદ આવ્યા.
આ સંતની શક્તિ વિશે થોડું સાંભળ્યું હતું.
બીજો ઉપાય ન હતો તો આ ઉપાય ખોટો ન હતો.
સાંકળેથી બાંધીને બાજીને નારેશ્વર લઇ આવ્યા.
અને પૂ.શ્રી પાસે હાજર કરી દીધો.
પૂ.શ્રીએ કહ્યું: "આ જુવાનને સાંકળની બેડીમાં હું જોઇ શકતો નથી. પહેલા એની બેડી કાઢી નાંખો."
બધાએ કહ્યું: "મહારાજ! એને માંડ માંડ બાંધ્યો છે.
એને છોડીએ તો તો પછી હાહાકાર મચાવી દે.
એને બંધનમાંથી મુક્ત કરાય જ નહિ."
પૂ.શ્રીએ બાજીને જ પૂછ્યું: "બાજી! તમે નાસી જશો?"
બાજીએ તો બે હાથ જોડીને કહ્યું: "ના બાપુ, નહિ જતો રહું. તમે કહેશો તેમ કરીશ પણ મને બેડીમાંથી છોડાવો."
એમની સાથે આવેલા તો બાજીનો જવાબ સાંભળીને દંગ થઇ ગયા.

**પ્રશંસા દુશ્મનની પણ કરો, ખુશામત મિત્રની પણ નહિ.**

કોકને એમ પણ થતું કે બાજી બાપજીને પણ છેતરતો હશે.
એને બાપજી ન છોડાવે તો સારુ.
સંતનું કામ જ જીવને બંધનમાંથી મુક્ત કરાવવાનું.
ભલે પછી એ બંધન સંસારનું હોય કે સાંકળનું.
બાપજીએ બાજીની બેડી છોડાવી.
એને નર્મદામાં સ્નાન કરાવવાનું કહ્યું.
ગુફાની પ્રદક્ષિણા કરાવી અને અભિમંત્રિત જળ પાયું.
બાજીએ સારા માણસની માફક બધું જ કર્યું.
પૂ.શ્રીએ કહ્યું: હવે બાજીને ઘરે લઈ જાવ.
એની પાસે ગુરુવાર ભરાવજો અને ગુફાની પરિક્રમા કરાવજો.
બાજીએ ગુરુવાર ભરવાનું અને ગુફાની પ્રદક્ષિણા કરવાનું શરૂ કર્યું અને સાત ગુરુવાર પૂરા થયા ન થયા ત્યાં તો બાજી સાજા સમા થઈ ગયા.
પૂ.શ્રીએ બાજીની બગડેલી જીવનબાજી સુધારી નાંખી.
સંતની વાણીનો પ્રભાવ કેવો હોય છે તેનો બધાને અનુભવ થયો.

●

**પ્રશંસા જોરથી કરો, દોષો ધીમેથી બતાવો.**

# (૨૦)

# મારો જાગે આતમરામ

સંવત ૧૯૯૫ એટલે સને ૧૯૩૯ની સાલ.
અધિક શ્રાવણ હતો.
અષાઢ અને શ્રાવણ વીતી ગયા પણ વરસાદ ના આવ્યો.
બધેથી દુકાળની ચિંતા વ્યક્ત થવા લાગી.
સરકારે પણ દુકાળની સ્થિતિ જાહેર કરી દીધી.
જ્યોતિષીઓએ પણ કહી દીધું કે બધા ગ્રહોનો અભ્યાસ કરતાં દુકાળ જ પડશે.
પૂ.શ્રી નારેશ્વરમાં હતા.
ગામડાના લોકોનું જીવન ખેતી પર નભે અને ખેતીનો આધાર વરસાદ.
વરસાદ ન આવે તો શું થાય?
ગરીબ બિચારો ખેડૂત તો માર્યો જ જાય.
આવા દુઃખના સમયમાં ભગવાન યાદ આવે.
સંતની હૂંફની જરૂર પડે.
લોકો બાપજી પાસે જાય. જઈને ચિંતા વ્યક્ત કરે.
પૂછે પણ ખરા: “બાપજી! વરસાદ આવશે કે પછી દુકાળ જ?”

**પ્રશંસાના તમામ રસ્તા કબ્રસ્તાન તરફ જાય છે.**

સરકાર, જયોતિષીઓ અને અન્ય સંસ્થા ઢોલ વગાડીને દુકાળની જાહેરાત કરી ચૂક્યા હતા.

અવધૂતજીએ કહ્યું: “એક વાર કદાચ સૂર્ય પશ્ચિમ દિશામાં ઉગે એવું બની શકે પરંતુ આ વર્ષે વરસાદ નહિ પડે એવું નહિ બને.”

એમનો આત્મવિશ્વાસ હતો કે વરસાદ જરૂર આવશે.

દેવ દુકાળ નહિ પાડે.

મુ. મોદીકાકાને લખેલા પત્રમાં આ વાત એમણે જણાવી હતી.

પૂ.શ્રીના અંતઃકરણમાં આવું કોઈ અશુભનું સ્ફુરણ થયું ન હતું.

વળી પૂ.શ્રીએ સર્વજનહિતાય અને સર્વજનસુખાય સંકલ્પ પણ કર્યો હતો.

પૂ.શ્રીનો સંકલ્પ ફળ્યો.

એમની આગાહી ભગવાને

સાચી પાડી. વરસાદ વરસ્યો.

ખેડૂતોના હૈયે આનંદ આનંદ થઈ ગયો.

ભગવાને પોતાના વચનને સાચું કરીને એમની લાજ રાખી એટલે સંકલ્પ પ્રમાણે બાવન વ્યક્તિ દ્વારા દત્તબાવનીના બાવન પાઠ કરવાનું આયોજન થયું.

**પ્રશંસાની ભૂખ વ્યક્તિની કંગાળ યોગ્યતા સૂચવે છે.**

અવધૂતજીને વિશ્વાસ હતો કે મારો આતમરામ મને દગો નહિ દે.

મારો આતમરામ બરાબરનો જાગે છે.

આત્મવિશ્વાસ એ જ સાધનાની ફળશ્રુતિ છે.

•

## (૨૧)

## ત્રાહિ મામ્ શરણાગતમ્ ।

વડોદરા શહેર.

એમાં એક લોહાણા બોર્ડિંગ.

તે બોર્ડિંગના ગૃહપતિનું નામ ભવાનીશંકર શાસ્ત્રી.

વિદ્વાન છતાં સરળ.

પૂ.શ્રીના અનન્ય ભક્ત.

"શાન્તં યોગીન્દ્રવર્યં" શ્લોકના રચયિતા.

એમણે સંસ્કૃતમાં અનેક શ્લોકો લખીને પૂ.શ્રીની પ્રશસ્તિ કરેલી.

આ શાસ્ત્રીજી એક વાર માંદા પડ્યા.

માંદગી ગંભીર હતી.

શાસ્ત્રીજીને હોસ્પિટલમાં દાખલ કરી દીધા.

દાક્તરી સારવાર મળવા લાગી.
શાસ્ત્રીજીને ગંભીરતાનો ખ્યાલ આવી ગયો.
પોતાના સદ્ગુરુનું રટણ કરવા માંડ્યું.
આવા પ્રસંગે ભક્તને એવી ઈચ્છા જાગે જ કે અત્યારે મારા આરધ્ય સદ્ગુરુ મને દર્શન દે તો કેવું સરસ!
ગુરુ-શિષ્ય, દાક્તર-દર્દી, વકીલ-અસીલના સંબંધો વિશિષ્ટ પ્રકારના સંબંધો છે અને ગુરુ, દાક્તર તથા વકીલની હાજરીમાત્રથી જ શિષ્ય, દર્દી અને અસીલને વિશ્વાસ આવી જાય છે, એનું મન મજબૂત બની જાય છે.
'હવે મને કાંઈ નહિ થાય' એવી ભાવના જાગે છે.
આ બાજુ પૂ.શ્રી નારેશ્વરની બહાર હતા.
વ્યારા (સુરત જિલ્લાનું નહિ.) ગામે જવાનો વિચાર કરતા હતા.
રાત્રે ભગવાને આદેશ કર્યો કે 'નારેશ્વર જાવ'.
પૂ.શ્રી વ્યારા ન જતાં નારેશ્વર આવ્યા.
નારેશ્વરમાં શાસ્ત્રીજીના ખબર મળ્યા.
શાસ્ત્રીજી ખૂબ માંદા છે અને આપના નામનું રટણ કરી રહ્યા છે.
પૂ.શ્રીને ભગવાનના આદેશનું રહસ્ય સમજાઈ ગયું.

**ખુશામતખોર મિત્રથી પણ સાવધાન રહો.**

એ તો ઉપડ્યા સીધા વડોદરા.
હોસ્પિટલમાં પહોંચી ગયા.
શાસ્ત્રીજીના સંબંધીને ખબર પડી કે પૂ.શ્રી હોસ્પિટલ આવે છે.
તેઓ ફૂલહાર સાથે હોસ્પિટલમાં આવી ગયા.
પૂ.શ્રી પધાર્યા.
પોતાના ગુરુદેવના દર્શન થતાં જ ભવાનીશંકર ભાવમાં ડૂબી ગયા.
હવે મૃત્યુ આવે તો પણ વાંધો નહિ એવી હિંમત આવી.
પૂ.શ્રીના ગળામાં શાસ્ત્રીજીએ હાર પહેરાવ્યો.
આખર વેળાનો આ હાર સ્વીકારજો એવી પ્રાર્થના પણ કરી હશે.
પરંતુ આ તો અવધૂત!
સ્વયં એક વણઉકલ્યા કોયડારૂપ.
પૂ.શ્રીએ પોતાના ગળામાંથી હાર કાઢ્યો અને શાસ્ત્રીજીને પહેરાવી દીધો.
હાર તો પહેરાવ્યો પણ અભયદાન પણ આપ્યું.
પૂ.શ્રી બોલ્યા: "જુઓ શાસ્ત્રીજી! યમરાજાની ચિઠ્ઠી ભલે ફાટી હોય પણ જ્યાં સુધી અવધૂતની ચિઠ્ઠી નહિ ફાટે ત્યાં સુધી જવાનું નથી."

**આત્મશ્લાઘાની વૃત્તિથી દૂર રહેવું કઠિન છે.**

આમ બોલીને અવધૂતજીએ વિદાય લીધી.
શાસ્ત્રીજીનું મનોબળ મજબૂત બની ગયું.
પૂ.શ્રીના આશીર્વાદથી શ્રી શાસ્ત્રીજી સારા થયા અને ત્યાર પછી દશ વર્ષ સુધી જીવ્યાં.
'મને શરણે આવેલાને તારો' એવી પ્રાર્થના ફળી.
જે અવધૂતનો થાય, અવધૂત પણ તેનો જ થઇ જાય તે આનું નામ.

•

## (૨૨)

## 'અરે માજી! આપણે જીવાડીશું'

સુમનલાલ પુરોહિત એમનું નામ.
મૂળ ગામ રાજપીપળા.
પરંતુ વર્ષો સુધી ઉમલ્લામાં સ્કૂલમાં માસ્તરની નોકરી કરી.
સુમનભાઇ પૂ.શ્રીના રંગે બરાબરના રંગાયેલા.
મધુર કંઠ અને મીઠી હલકવાળા એ સુમનલાલને બાપજી પણ 'માસ્તર'ના નામે જ બોલાવે.
આ સુમનલાલના લગ્ન થયા કે તરત જ પાંચ છોકરાં લઇને સરખેજ ગયા અને ભજનનો કાર્યક્રમ સંભળાવ્યો.

**પ્રશંસા એ સદ્‌ગુણોનો પડછાયો છે.**

આ એમની મધુરજની (Honey Moon) ગણાયું.
આ સુમનલાલની ‘બા’નું નામ જીવકોર.
એ પણ બાપજીના ભક્ત.
સુમનલાલને બે ભાઈઓ પણ હતા.
આ ત્રણ દીકરાઓ હવે પરણવા જેવા થવા માંડ્યા.
દરેક ‘મા’ એવું ઈચ્છે કે પોતાના ઘરે દીકરાની વહુ આવે અને ઘર સંભાળે.
પોતાને દીકરાની વહુનું સુખ મળે.
એવામાં સુમનભાઈના બા બીમાર થયાં.
માંદગીએ એવું ગંભીર રૂપ લીધું કે લોકો ગભરાયા.
એમને થયું કે હવે જીવકોર બા નહિ બચે.
એક પણ દીકરાને પરણેલો જોયા વિના જ જતા રહેશે કે શું?
માંદગીની વાત નારેશ્વરમાં આવી. કોકે પૂ. માજીને વાત કરી અને કહ્યું: “ત્રણ દીકરાની મા. એકાદ દીકરાને પરણેલો જોઈને જાત તો પણ સંતોષ થાત. આ તો હજી ત્રણેયે કુંવારા છે.”
પૂ. માજીના મનમાં વાત ઘર કરી ગઈ.
પૂ.શ્રી ભિક્ષા માટે આવ્યા.

**પ્રશંસા અજ્ઞાની બાળકી છે.**

ભિક્ષા શરૂ કરે એ પહેલાં જ માજી બોલ્યા: “આ તારો ભગવાન બધાના કામ કરે છે તો સુમનનું કામ નહિ કરે? એની ‘મા’ પાંચ વર્ષ જીવી જાય તો એકાદ દીકરાને તો પરણેલો જુએ.”

બસ! પોતાની માતાની વાત પૂ. બાપજીને ગળે ઉતરી ગઇ.

માજીને રાજી રાખતા હોય એમ બાપજી બોલ્યા: “અરે માજી! એમાં શું? **આપણે** એમને જીવાડીશું.”

પૂ.માજીએ પાંચ વર્ષની વાત કરી હતી પરંતુ “**આપણે**” શબ્દ દ્વારા પાંચ વર્ષ પૂ.માજીના અને પાંચ વર્ષ પૂ.બાપજીના એમ ૧૦ વર્ષ જીવકોર બા જીવ્યા.

ત્રણે દીકરા પરણ્યા.

ત્રણે દીકરાની વહુ ઘરમાં આવી અને જીવકોર બાને સંતોષ થઇ ગયો.

પાછી એ જ માંદગી શરૂ થઇ અને મુ. જીવકોર બા હરિને ધામ પહોંચી ગયા.

●

**મિથ્યા પ્રશંસા ઘણી જ કષ્ટપ્રદ હોય છે.**

## (૨૩)

# દાસના કોડ પૂરા કર્યા

રણાપુરના દાસકાકાના આરાધ્ય દેવ એટલે આપણા રંગદાદા.

એમણે તન, મન અને ધન બધું જ પૂ.શ્રીના ચરણોમાં સમર્પણ કરેલું.

સંવત ૧૯૮૪માં નાના પાયે દત્તજયંતી ઉજવવાની શરૂઆત થઈ.

પછી તો ઉત્સવ રંગ જમાવતો જ ગયો.

સંવત ૧૯૯૫ની દત્તજયંતીમાં તો અનહદ મેદની ઉભરાઈ.

દાસકાકાનું શરીર સારું ન હતું.

તો પણ બેઠા બેઠા બધું સંભાળતા હતાં.

ઉત્સવ સરસ રીતે પૂરો થયો.

દાસકાકાના મનમાં એક કોડ જાગ્યો હતો પણ તે અધૂરો રહ્યો હતો.

એમણે પૂ.શ્રીને કહ્યું: “મને લોકો ગાંડો ગણી કાઢે એટલે બોલ્યો નહિ, પણ મારા દિલમાં એમ થયા કરે કે દત્તજયંતીએ ચોઘડિયાં બેસાડ્યાં હોત તો સારું લાગત.”

**અતિશયોક્તિભરી પ્રશંસા તિરસ્કારને પાત્ર છે.**

પૂ.શ્રી દાસકાકાની ભાવના પારખી ગયાં.

એમણે દાસને ભાવભીનો જવાબ આપ્યો: "અરે દાસ! મને પહેલા કહેવું હતું ને! તમારે કે મારે શો ખાનગી સ્વાર્થ છે કે લોકોના હસવાનો આપણે વિચાર કરવો પડે?

પ્રભુ કરશે તો આવતી સાલ આપણે જરૂર ચોઘડિયાં તો શું પણ બેન્ડવાજાં સુદ્ધાં લાવીશું."

પૂ.શ્રી આમ બોલ્યા એટલે દાસકાકાને થયું કે બસ! આવતે વર્ષે આમ જ થવાનું.

સંવત ૧૯૯૬ની દત્તજયંતી આવે એ પહેલાં દાસકાકાને ગંભીર માંદગી આવી.

ઘણાંને એમ પણ થયું કે "ડોસા દત્તજયંતી નહિ જુએ કે શું!"

પરંતુ દાસના મનના કોડ અધૂરા રહે તે કેમ ચાલે?

દત્તજયંતી આવી. ચોઘડિયા બેસાડ્યા.

એકને બદલે બેન્ડવાજાની બે જોડી આવી.

દાસકાકાના મનના કોડ પૂરા થયાં.

દત્તજયંતી પૂરી થઇ.

પૂ.શ્રીએ બીજા ભક્તો સમક્ષ કહ્યું કે ભગવાને દાસની છેલ્લી ઇચ્છા પૂરી કરી.

દેવે સ્થાનમાં વાજા વગડાવ્યાં.

**લાયકાત વિનાની પ્રશંસા એ ઢાંકેલી મશ્કરી છે.**

દાસ હવે આવતી દત્તજયંતી ભાગ્યે જ જુએ.

તમે બધા આજથી જ જવાબદારી માથે લેવાની તૈયારી કરો નહિ તો પસ્તાવવાનો દહાડો આવશે.

દાસકાકાની તબિયત સુધારા પર જણાતી હતી.

પરંતુ દિવાળી ઉપર તબિયત લથડી. પૂ.શ્રીની આગાહી યાદ આવી.

દાસના કોડ રંગે પૂરા કર્યાં.

અને પોતે સદા દાસના હૈયામાં જ છે એ વાતનો પુરાવો આપ્યો.

•

## (૨૪)

## "ઈતના તો કરના સ્વામી!"

દરેક ભક્તની ભગવાનને એક પ્રાર્થના હોય છે.

દરેક સેવકની પોતાના સ્વામીને એક વિનંતી હોય છે, અરજી હોય છે.

કઈ?

હે સ્વામી! આપ મારી અંતઘડીએ દર્શન દેજો.

શરીરમાંથી જ્યારે પ્રાણ નીકળે ત્યારે તારાં દર્શન થાય એવી વિનંતી છે.

**પ્રશંસાને પચાવવામાં કુશળતાની કસોટી છે.**

દિવેરમાં પ્રથમ રંગજયંતી ઉજવાઇ ત્યારે જ પૂ.શ્રીએ દાસકાકાને ચેતવણી આપી હતી. અને કહ્યું હતું: "દાસ! મારા આવ્યા વગર રણાપુર છોડશો નહિ. ઘરે રહો. આરામ કરો અને પ્રભુનું ચિંતન કરો."

કારતક સુદ નોમના રોજ રંગજયંતી ઉજવાઇ.

માગસર સુદ પૂનમે દત્તજયંતી હતી.

ડોસા દત્તજયંતી નહિ જુએ એવી આગાહી અવધૂતે તો ગયા વર્ષે જ દત્તજયંતી ઉજવાયા પછી કરી હતી.

પણ લોકોને દાસકાકાની તબિયત સારી જણાતી હતી.

દાસકાકા એ પૂ.શ્રીના હનુમાનશા સેવક.

એ સેવકની સ્વામીને એક જ પ્રાર્થના હતી કે મરણ સમયે દર્શન આપજો. આપના સાંનિધ્યમાં દેહ છૂટે એવું કરજો.

પૂ.શ્રીએ પણ વચન આપ્યું હતું કે: "દાસ! તમારી અંતિમ પળ દેવ બરાબર સાચવી લેશે અને અવધૂત ગમે ત્યાં હશે તો પણ એ વખતે આવી પહોંચશે."

રંગજયંતી ઉજવીને પછી થોડા દિવસ બાદ પૂ.શ્રી ચાંદોદ ગયા.

માંડવાના રંગભક્ત છગન માળીના ભાણેજ વિઠ્ઠલ માળીને ત્યાં મુકામ હતો.

**પ્રશંસનીય વ્યક્તિની પ્રશંસા આનંદદાયી હોય છે.**

ચાંદોદમાં તો દર્શનાર્થીની ભીડ જામી હતી.
ભજન-પૂજનની રમઝટ જામી હતી.
ચાંદોદથી પૂ.શ્રી સિનોર જવાના હતા.
સિનોરના ગં.સ્વ. ચંદનબેનનો દીકરો જીવણ એની મંડળી સાથે આવી પહોંચ્યો હતો.
પણ ભગવાને કંઇ બીજું જ ધાર્યું હતું.
દિવેરથી નાથાભાઇ રામદાસ પટેલ ગાડું લઈને આવ્યા હતા.
સાથે દાસકાકાની ગંભીર માંદગીના સમાચાર પણ લઈને આવ્યા હતા.
કાર્યક્રમમાં પૂ.શ્રીએ ફેરફાર કર્યો.
સિનોર પોતે જઇ શકે એમ ન હોવાથી પૂ.શ્રીએ પોતાની ખુરશી મોકલી આપી.
પૂ.શ્રી રણાપુર આવી પહોંચ્યા. પરિસ્થિતિ માપી લીધી.
પૂ.શ્રી તો આ જાણતા જ હતા.
દિવેરના ચતુરભાઈને પૂ.શ્રીએ દાસકાકાની બધી જવાબદારી સોંપી દીધી અને પોતે નારેશ્વર પહોંચ્યા.
દાસકાકાને આપેલું વચન પાળી બતાવ્યું.
પૂ.શ્રી નારેશ્વર આવ્યા અને મૂળીબેન દાસકાકાને અવધૂતી આનંદના ભજન સંભળાવતાં રહ્યા.

**સત્કર્મો બીજાને પ્રશંસા કરવા માટે વિવશ કરે છે.**

કારતક વદ તેરસના રોજ દાસકાકાએ દેહ છોડી દીધો.
બુધવારનો દિવસ હતો.
જ્ઞાનેશ્વર મહારાજની પુણ્યતિથિને દિવસે જ દાસકાકાએ દેહ છોડ્યો.
દાસકાકા માટે પૂ.શ્રી સર્વસ્વ હતા તો પૂ.શ્રી માટે પણ દાસકાકાનું અનેરું સ્થાન હતું.
દાસકાકા પ્રત્યેની પૂ.શ્રીની લાગણી એમણે આપેલી શ્રદ્ધાંજલિમાં દેખાય છે.
સ્વામી પણ અનન્ય અને સેવક પણ અનન્ય.
સેવકની પ્રાર્થના સ્વીકારી.
પ્રાર્થના હતી:
"ઇતના તો કરના સ્વામીન્! જબ પ્રાણ તનસે નીકલે."

●

સાચી પ્રશંસા એ શુદ્ધ હૃદયની નીપજ છે.

# (૨૫)

## મા-નર્મદા: રંગની પરિક્રમાએ

સને ૧૯૨૫માં પૂ.શ્રી નારેશ્વરમાં બેઠા.
દત્તપુરાણના ૧૦૮ પારાયણ કર્યા.
અને પછી ગયા વાંકડી ગામે ગાંડા મહારાજને મળવા.
પૂ. ગાંડા મહારાજને મળીને પછી મા નર્મદાની પરિક્રમા માટે નીકળ્યા.
હે બાળકો! હવે એનાથી વિરુદ્ધ પ્રકારની વાત સાંભળો.
કઈ વાત? મા નર્મદા રંગની પરિક્રમાએ આવ્યા તે વાત.
ટોટીદ્રા નામનું ગામ.
તે ગામની પાસે અરણ્યેશ્વર મંદિરમાં પૂ.શ્રીનો મુકામ.
મહાદેવનું મંદિર.
ચોમાસાના દિવસોમાં પાણી આવે એટલે પૂજારી મંદિર છોડીને ગામમાં આવતો રહે.
અરણ્યેશ્વર મંદિર "મા નર્મદા"ની ગોદમાં હતું.
પૂ.શ્રીની સેવામાં રતનલાલ મહાત્મા હતા.
આનંદમાં સમય પસાર કરતા હતા.
પૂ.શ્રીનો મુકામ થયો પછી વરસાદ શરૂ થયો.
નર્મદાના પાણી વધવા લાગ્યા.

**પ્રશંસા સ્વાર્થ મુક્ત છે, ખુશામત સ્વાર્થ યુક્ત છે.**

પાણી વધવા માંડ્યા એટલે મહાદેવનો પૂજારી બિસ્તરા પોટલા સાથે ગામમાં આવી ગયો.

ગામના લોકોએ પૂછ્યું કે ત્યાં પેલા મહારાજ હતા તે ક્યાં ગયા?

પૂજારીએ કહ્યું કે એ બાવો અને એનો ચેલો તો ત્યાં જ છે. ત્યાંથી ખસતા જ નથી.

ગામના કેટલાક લોકો પૂ.શ્રીને સમજાવીને ગામમાં લાવવા ગયા.

પરંતુ બાપજીએ તો કહ્યું કે હું તો અહીં જ રહીશ.

પછી રતનલાલને કહ્યું: "મહાત્મા! તમારે જવું હોય તો જાવ. પાણી ઉતરે ત્યારે પાછા આવજો."

રતનલાલ પૂ.શ્રીને મૂકીને શાના જાય?

એ તો જોડેના જોડે જ રહ્યા.

મા-નર્મદાના પાણી તો વધવા જ લાગ્યા.

રતનલાલે ફરી એકવાર પૂ.શ્રીને ગામમાં જવા સમજાવ્યા.

પૂ.શ્રીતો એકદમ બેફિકર હતા.

પછી રતનલાલને કહેવા લાગ્યા: "અરે મહાત્મા! આમાં ગભરાવવાનું કાંઈ કારણ નથી.

આતો મેં માજી (મા-નર્મદા)ની પરિક્રમા કરી હતી ને, તે માજી આજે મારી પરિક્રમા કરવા આવ્યા છે.

**પ્રશંસા ઈશ્વરને પણ ગમે છે.**

પરિક્રમા કરશે અને સંતોષ થશે એટલે માજી જતા રહેશે.”

અને ખરેખર બન્યું પણ એમ જ.

ગામના લોકોએ પૂ.શ્રીને સહિસલામત જોયાં ત્યાં જ તેમના રંગે રંગાઇ ગયા.

પૂ.શ્રીએ ‘અભિલાષષટ્કમ્’ નામનું સ્તોત્ર રચ્યું.

**(જુઓ ટાઇટલ પેજ નં-૪)**

●

‘સ્તુતિ’ એટલે જ ભગવાનના ગુણગાન ગાવાં.

(અનુસંધાન ટાઈટલ પેજ ૪ નું ચાલુ)

અમૂર્તમૂર્તસુન્દરં શ્રિયા પરાસ્તસુન્દરં
તડિત્પતીશશ્યામલં હતોપસન્નહૃન્મલમ્ ।
દુરક્ષવિદ્વિષં વિષાર્તિનાશનં સુધાશનં
કદા સ્મરામિ ચેતસા મનોતિગં નુ હ્યંજસા ॥ ૫ ॥

દિગન્તવિશ્રુતાભિધં નિરસ્તત્રસ્તસદ્ભિદમ્
અલભ્યદેશિકોક્તિલભ્યમુક્ત્યલભ્યમુક્તિદમ્ ।
જગત્સદેકકારણં ભવાભવૌઘવારણં
કદા નુ 'રંગ' રંગમુક્તમંગમુક્તમાશ્રયે ॥ ૬ ॥

•

રંગ અવધૂત

(ટોટિદ્રા પાસે અરણ્યેશ્વરમાં પૂ.શ્રીનો મુકામ હતો ત્યારે 'મા' નર્મદાના પાણી હિલોળે ચઢ્યા હતા. મંદિરની ચારે બાજુ પાણી ફરી વળ્યા હતા. ત્યારે પૂ.શ્રીએ રતનલાલ મહાત્માને કહ્યું હતું : "મેં 'મા'ની પરિક્રમા કરી હતી તો આજે 'મા' મારી પ્રદક્ષિણા કરવા આવી છે. પછી આ સ્તોત્ર રચ્યું. વાંચો પ્રસંગ નં. ૨૫)

•

# અભિલાષષટ્કમ્

જટાકિરીટધિક્ કૃતાર્ક જ્યોતિષં સુજ્યોતિષં
સ્ફૂટારવિન્દ ચન્દિરાનનં નતાર્તિનાશનમ્ ।
સુપુષ્ટ માંસલોરગસ્ફુરત્કરં ચ ષટ્કરં
કદા વિવિસમં દશા વિલોકયામિ સદ્વરમ્ ॥ ૧ ॥

ભવાટવીવિલુપ્તવીથિમાર્ગદં દરાગદં
વિરક્ત સક્તભક્તવૃન્દવેષ્ટિતં વિચેષ્ટિતમ્ ।
શ્મશાનકાનનાદ્રિકન્દરાસ્થિતં દરાસ્થિતં
ગુણાતિગં ગુણસ્થિતં ગૃણાનિ જિહ્વયા કદા ॥ ૨ ॥

કવચિજ્જજડોપમં પિશાચકાદિવેષધારકં
ક્વચિત્સુવર્ણિનં હતાશ્રમાદિવર્ણકર્મકમ્ ।
સુભોગિનં વિયોગિવૃન્દસ્વર્ચિતાઙ્ઘ્રિયુગ્મકં
કદા પદા નુ સંવ્રજેયમચ્યુતં હતચ્યુતમ્ ॥ ૩ ॥

ગલેડક્ષદામધારિણં વિહઙ્ગમાર્ગચારિણં
સુવેણુમંજુલસ્વનં સદાગમાદિકસ્વનમ્ ।
અલર્કપિંગલાર્જુનાદિ સેવિતાંઘ્રિ પંકજમ્
શિરઃ સુમેન પૂજયેયમીશ્વરં કદા હ્યજમ્ ॥ ૪ ॥

(અનુસંધાન ટાઈટલ પેજ ૩)